# ગુજરાત સરકાર

# કામગીરી અંદાજપત્ર

# વર્ષ:-૨૦૨૧-૨૦૨૨

# મહિલા અને બાળ વિકાસ વિભાગ

# <u>પ્રસ્તાવના</u>
# <u>મહિલા અને બાળ વિકાસ વિભાગ</u>

૧. ગુજરાત સરકારે અંદાજપત્ર વિષયક સુધારાના એક અંતર્ગત ભાગ તરીકે કામગીરી અંદાજપત્ર પધ્ધતિ દાખલ કરી અમલમાં મુકવાનું સ્વીકારેલ છે. તદ્અનુસાર વિભાગનું સને : ૨૦૨૧-૨૨ના વર્ષનું પંદરમું કામગીરી અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે.

૨. વિભાગ દ્વ્રારા તૈયાર કરેલ "<u>કામગીરી અંદાજપત્ર :</u> " ૨૦૨૧-૨૨ની પુસ્તિકામાં સરકારશ્રી તરફથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા શું આયોજન કરવામાં આવી રહ્યું છે તેની અદ્યતન માહિતીનો, સમાવેશ કરેલ છે. મહિલાઓ અને બાળકોના કલ્યાણ / ઉત્કર્ષ અર્થે, પ્રયોજન અર્થે કેટલા પ્રમાણમાં, કેવા અભિગમ અર્થે આયોજન કરવામાં આવી રહ્યું છે અને તે અંગે કેટલું ખર્ચ કરવામાં આવી રહ્યુ છે, તે અંગેની અદ્યતન વિગતો/માહિતી, આ પુસ્તિકા સ્વરૂપે પ્રસિધ્ધ કરેલ છે, જે કામગીરી અંદાજપત્ર તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ છે.

૩. પરંપરાગત અંદાજપત્રમાં જેનો સમાવેશ ન કરવામાં આવેલ હોય તેવી નાણાકીય જોગવાઇઓ સામે ભૌતિક સિધ્ધિઓને સાંકળી લેવાનું કાર્ય, "કામગીરી અંદાજપત્ર" નું છે. તેથી સને : ૨૦૨૧-૨૨ના કામગીરી અંદાજપત્રમાં, જે કાર્ય માટે નાણાની માંગણી કરવામાં આવી હોય, તે હેતુઓ સિધ્ધ કરવા માટે કરવામાં આવેલી જોગવાઇઓ અને થયેલ કામગીરીનો અંદાજ કાઢવા માટેની પરીણામલક્ષી માહિતીનો સમાવેશ કરી, તે ઉદ્દેશ સિધ્ધ થાય તેવા પ્રયત્નો કરેલ છે.

૪. મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના ખાતાના વડાઓની કામગીરી, તૈયાર કરેલ યોજનાઓ, મંજૂર થયેલ જોગવાઇઓ અને નાણાકીય જરૂરીયાત જુદા-જુદા પત્રકો સ્વરૂપમાં દર્શાવેલ છે. જેમાં સને : ૨૦૨૧-૨૨ના વર્ષની જોગવાઇઓનો સમાવેશ આ પુસ્તિકામાં કરવામાં આવેલ છે.

૫. સને : ૨૦૨૧-૨૨ના વર્ષના અંદાજપત્રમાં, આ પૂરક પ્રકાશન તરીકે, <u>મહિલા અને બાળ વિકાસ વિભાગ સંબંધિત કામગીરી અંદાજપત્ર:</u> ૨૦૨૧-૨૨ ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર સમક્ષ રજૂ કર્યું છે.

**મનિષા ચંદ્રા**
**સચિવ**
**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

# કામગીરી અંદાજપત્ર : ૨૦૨૧-૨૨

## અનુક્રમણિકા


| અનુક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| (૧) | (૨) | (3) |
| ૧ | સચિવશ્રી,<br>મહિલા અને બાળ વિકાસ વિભાગ (ખુદ), બ્લોક નં.૯/૬<br>સચિવાલય, ગાંધીનગર | ૧ થી ૧૦ |
| ૨ | નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.),<br>કમિશનરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.- ૨૦,<br>ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૧૧ થી ૩૭ |
| ૩ | અધિક કમિશનરશ્રી (મહિલા વિંગ/ સમાજ સુરક્ષા),<br>કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,<br>બ્લોક નં. - ૨૦, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૩૮ થી ૪૬ |
| ૪ | સભ્ય સચિવશ્રી,<br>ગુજરાત રાજય મહિલા આયોગ,<br>બ્લોક નં.-૪, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૪૭ થી ૪૯ |
| ૫ | મેનેજીંગ ડિરેકટરશ્રી,<br>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ., બ્લોક નં.૮/૯,<br>ઉધોગ ભવન, ગાંધીનગર. | ૫૦ થી ૫૨ |
| ૬ | સચિવશ્રી ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ,<br>અશોકનગર સોસાયટી, સરખેજ, અમદાવાદ. | ૫૩ થી ૫૪ |
| ૭ | નિયામકશ્રી, જેન્ડર રીસોર્સ<br>બ્લોક નં.૮/૮, ઉધોગ ભવન, ગાંધીનગર. | ૫૫ થી ૫૮ |

# <u>મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતા હિસાબના સદરો</u>

| અનુ. | માંગણી ક્રમાંક | મુખ્ય સદરો |
|---|---|---|
| ૧ | ૧૦૫ મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૨૫૧ - સચિવાલય સામાજિક સેવાઓ. |
| ૨ | ૧૦૬ - મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ. | ૨૦૪૯ - વ્યાજની ચૂકવણી<br>૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ<br>૨૨૩૬ - પોષણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૨૩૫ – સામાજિક સુરક્ષા અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૨૩૬ - પોષણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૭૬૧૦ - સરકારી કર્મચારીઓ વગેરેને લોન. |

# <u>મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી વાર્ષિક જોગવાઇઓ</u>

**વર્ષ -૨૦૨૧-૨૨** **(રૂ.લાખમાં)**

| અનુ. | મહિલા અને બાળ વિકાસ વિભાગ(ખુદ) ખાતાના વડાની કચેરીનું નામ | રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (3) |
| ૧ | સચિવશ્રી,<br>મહિલા અને બાળ વિકાસ વિભાગ (ખુદ), બ્લોક નં.૯/૬,<br>સચિવાલય, ગાંધીનગર | ૪૮૩.૫૦ |
| ૨ | નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.),<br>કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,<br>બ્લોક નં-૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર | ૨૬૫૨૩૪.૬૦ |
| ૩ | અધિક કમિશ્નરશ્રી (મહિલા વિંગ/ સમાજ સુરક્ષા), કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક-૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૮૧૬૯૪.૩૦ |
| ૪ | સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગ,<br>બ્લોક નં. ૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. | ૮૦૦.૪૮ |
| ૫ | મેનેજીંગ ડિરેકટરશ્રી,<br>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.,ગાંધીનગર<br>ઉદ્યોગ ભવન, ગાંધીનગર. | ૧૦૧૮.૦૮ |
| ૬ | નિયામકશ્રી,<br>જેન્ડર રિસોર્સ સેન્ટર, બ્લોક નં.૮/૯, ઉદ્યોગ ભવન, ગાંધીનગર. | ૧૭૬.૦૦ |
| ૭ | સચિવશ્રી,<br>ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ,<br>અશોકનગર સોસાયટી, સરખેજ, અમદાવાદ. | ૧૪૯.૧૭ |
| ૮ | ન્યુ ગુજરાત પેટર્ન (MDM-2) | ૧૬૪૫.૬૦ |
|  | કુલ રકમ ..... | ૩૫૧૧૦૧.૭૩ |

# કામગીરી અંદાજપત્ર :
# ૨૦૨૧-૨૦૨૨

# મહિલા અને બાળ
# વિકાસ વિભાગ (ખુદ),ગાંધીનગર.

# <u>મહિલા અને બાળ વિકાસ વિભાગ(ખુદ)</u>

## <u>પ્રસ્તાવના</u>

**૧.કામગીરી:-** સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.**૩૧/૧૨/૨૦૦૧**ના જાહેરનામા અનુસાર મહિલા અને બાળ વિકાસ વિભાગના નામાભિધાન સાથે નવા વિભાગની રચના  કરવામાં આવેલ છે. કામગીરી અંદાજપત્ર પ્રકાશનમાં મહિલાઓ અને બાળકોના કલ્યાણ સંબંધિત બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વિભાગને સરકારી કામકાજના નિયમો હેઠળ સુપ્રત કરાયેલ વિષયો પરિશિષ્ટ-ક માં દર્શાવેલ છે. નવમી પંચવર્ષીય યોજનાના સામાજિક સેવાના સેકટર હેઠળ સમાવિષ્ટ કરેલ ઉદેશો સિધ્ધ કરવા માટે, આ વિભાગ દ્વારા મહિલા અને બાળકોના કલ્યાણ માટે નિતિનું ઘડતર  કરવામાં આવે છે. તેમજ આ બધી કામગીરી માટે ઘડવામાં આવેલ નીતિના અમલ પરત્વે દેખરેખ રાખવામાં આવે છે. વર્ષ-**૨૦૦૧** મહિલા સશકિતકરણ તરીકે ઉજવવાની ભારત સરકારની જાહેરાત અન્વયે મહિલાઓ તથા બાળકોના સુગ્રથિત વિકાસ સાધવાના હેતુથી રાજય સરકારે પરિશિષ્ટ-ક માં દર્શાવેલ વિષયો સાથે નવા મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરવાની સાથોસાથ, છ વર્ષથી નીચેના વય જુથના બાળકો તથા સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓ માટેનો પોષક આહાર કાર્યક્રમ પણ તેની સાથે સાંકળી લીધેલ છે.

## ૨. વહીવટી માળખું:-

મહિલા અને બાળ વિકાસ વિભાગના વહીવટી માળખાની વિગત, પરિશિષ્ટ-ખ માં દર્શાવેલ છે. વિભાગના વડા તરીકે સચિવ છે. તેમજ  ત્રણ નાયબ સચિવ, ચાર ઉપ સચિવ તેમને મદદ કરે છે. કામગીરીના વિષયો જુદી-જુદી શાખાઓમાં વહેંચવામાં આવેલા છે. જેમાં સેકશન અધિકારીઓ (વર્ગ-**૨**) અને સાથી કર્મચારીઓ આવે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળ પરિશિષ્ટ-ખ માં દર્શાવ્યા પ્રમાણે-**૦૬** ખાતાના વડાઓ છે. જેમાં (**૧**) નિયામકશ્રી (આઇસીડીએસ), (૨) અધિક કમિશ્નરશ્રી(મહિલાવીંગ), (3) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ., (**૪**) સચિવશ્રી, ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ, (**૫**) નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર અને (**૬**) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગનો સમાવેશ થાય છે.આ ખાતાના વડાઓ મહિલા અને બાળ વિકાસ વિભાગે ઘડેલ નીતિનિયમો અને યોજનાઓના અમલ પરત્વે તેમને સુપ્રત કરાયેલ સત્તાઓની મર્યાદામાં રહીને અમલ બજવણી કરે છે.

## 3. નિરીક્ષણ:-


સરકારે નિયત કરેલ ધોરણ અનુસાર આ વિભાગ સંબંધિત ખાતાના વડાની કચેરીઓનું નિરીક્ષણ હાથ ધરે છે. નિરીક્ષણ દરમિયાન નિયમોનુસારની કોઇ ખામી ધ્યાન ઉપર આવે તો તે સુધારવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ સાથો સાથ સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગે નિયત કર્યા પ્રમાણે યોજનાકીય માહિતી રાખે છે. તથા ખાતાના વડા હેઠળ આવરી લેવાયેલી આયોજનની બાબતોની સમીક્ષા કરે છે. ખાતાના વડાઓના ખર્ચ ઉપર નિયંત્રણ માટે, ત્રિમાસિક બેઠક ગોઠવવામાં આવે છે અને ખર્ચ અંગેની સમીક્ષા પણ કરવામાં આવે છે. આ બેઠક સચિવશ્રી/અગ્રસચિવશ્રીની સીધી દેખરેખ હેઠળ ગોઠવવામાં આવે છે.

# ગુજરાત સરકારના કામકાજના નિયમો
## પરિશિષ્ટ-ક
## મહિલા અને બાળ વિકાસ વિભાગને ફાળવેલા વિષયો

**૧**. પોષક આહાર કાર્યક્રમ,
**૨**. અનૈતિક વેપાર નિયંત્રણ અધિનિયમ-**૧૯૮૬**,
**૩**. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.,
**૪**. મહિલાઓને સમર્થ બનાવવા માટેના સંગઠનોને નાણાંકીય સહાય,
**૫**. મહિલાઓને સમર્થ બનાવવા માટે દસ્તાવેજીકરણ અને હિમાયત,
**૬**. કેન્દ્રિય અને રાજય કલ્યાણ બોર્ડની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી તમામ બાબતો,
**૭**. દહેજ પ્રતિબંધક અધિનિયમ, **૧૯૬૧**,
**૮**. ઘરેલુ હિંસા અધિનિયમ-**૨૦૦૫** પારિવારિક હિંસા સામે સ્ત્રીઓના રક્ષણ બાબતનો અધિનિયમ,
**૯**. મહિલા અને બાળ કલ્યાણ અને અન્ય વિભાગોમાં ચાલતી મહિલા અને બાળ કલ્યાણની પ્રવૃત્તિઓનું સંકલન,
**૧૦**. મહિલા અને બાળકો સાથે અનૈતિક વ્યવહાર સંદર્ભે ભારત સરકાર તથા અન્ય સંસ્થાઓ સાથેનો પત્ર વ્યવહાર,
**૧૧**. મહિલા અને બાળકોને લગતી પ્રવૃત્તિઓનું આયોજન, સંશોધન, મુલ્યાંકન, નિયમન, પરિયોજના તૈયાર કરવી, તાલીમ અને આંકડાકીય માહિતી,
**૧૨**. યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન ઇમરજન્સી ફંડ(યુનિસેફ) તથા તેના જેવી મહિલા અને બાળ કલ્યાણના સંદર્ભમાં કામ કરતી સંસ્થાઓ સાથેનો પત્ર વ્યવહાર,
**૧૩**. રાજય મહિલા આયોગને લગતી કામગીરી,
**૧૪**. બાલિકા સમૃધ્ધિ યોજના,
**૧૫**. મહિલાઓની જાતિય સતામણી-કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી(નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ)અધિનિયમ **૨૦૧૩**,
**૧૬**. સ્વયંસિધ્ધા યોજના,
**૧૭**. મહિલા સામાખ્ય (રદ કરેલ છે),
**૧૮**. વિધવાઓના પેન્શનને લગતી કામગીરી,
**૧૯**. **(૧)** (સામાન્ય વહીવટ વિભગને ફાળવેલ વિષયોમાં નોંધ નંબર-**૪૫** હેઠળ આવી જતી હોઇ, તે સિવાયના) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ રાજયપત્રિત અધિકારીઓ અને બિન રાજયપત્રિત સરકારી કર્મચારીઓની નિમણુંકો, પદનિયુકિતઓ, બદલીઓ, બઢતીઓ, વર્તણુંક, રજા મંજુરી, પેન્શન અંગેની તમામ બાબતો, **(૨)** વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની સચિવાલય સંવર્ગની વર્ગ-**૧** અને વર્ગ-**૨** ના અધિકારીઓને પેન્શન મંજુર કરવાને લગતી તમામ બાબતો, **(૩)** વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય સંવર્ગના વર્ગ-**૨** ના અધિકારીઓના સંબંધમાં : રજા મંજુર કરવી અને ગુજરાત રાજય સેવા(શિસ્ત અને અપીલ) નિયમો, **૧૯૭૧** ના નિયમ-**૬** ના અનુક્રમાંકો **૧** થી **૨** માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા અને સદરહું નિયમ-**૬** ના અનુક્રમાંકો **૩** થી **૮** માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા માટેની શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવાને લગતી તમામ બાબતો.(સા.વ.વિ. હેઠળની નોંધ નંબર-**૪૫** પણ જુઓ)
**૨૦**. રાજયના હેતુઓ માટે સરકારમાં નિહીત થયેલા કે સરકારના કબજા હેઠળના અને મહિલા અને બાળ વિકાસ વિભાગને સોંપાયેલા કામ, જમીન અને મકાનો.
**૨૧**. આ સુચિમાં કોઇપણ બાબતના હેતુ માટે તપાસ અને આંકડા.
**૨૨**. કોઇ કોર્ટમાં લેવાતી ફી સિવાય આ સુચિમાંની કોઇ પણ બાબતો માટેની ફી.

# પરિશિષ્ટ-ખ
## મહિલા અને બાળ વિકાસ વિભાગ




## ખાતાના વડાઓ

(૧) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, જુના સચિવાલય, ગાંધીનગર.

(૨) અધિક કમિશ્નરશ્રી(મહિલાવીંગ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, જુના સચિવાલય, ગાંધીનગર.

(૩) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ., ઉદ્યોગ ભવન, બ્લોક નં.૮/૯મો માળ, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ, ૨૧, અશોકનગર સોસાયટી, પાલડી ભઠ્ઠા પાસે, અમદાવાદ.

(૫) નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, ઉદ્યોગ ભવન, બ્લોક નં.૮/૮મો માળ, ગાંધીનગર.

(૬) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગ, બ્લોક નં.૪/૧લો માળ, જુના સચિવાલય, ગાંધીનગર.

## **ભાગ-૪**

# **નાણાકીય જોગવાઇની સમજુતી**.

મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી સીધી રીતે કોઇ વિકાસલક્ષી કાર્ય કરવાના થતા નથી. પરંતુ આ અંગેની નીતિના અમલ ઉપર દેખરેખ રાખવાની કામગીરી હોય છે. આથી મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે **૨૨૫૧**, સચિવાલય સામાજિક સેવાઓ(અ) **૦૯૦**-સચિવાલય હેઠળની મંજુર થયેલ ગ્રાન્ટ ઉપયોગ કર્મચારી વર્ગના પગાર અને ભથ્થા માટે કરવામાં આવેલ છે.

| **પે-મેટ્રીક્ષનુ લેવલ** | **પે-મેટ્રીક્ષના અનુરૂપ લેવલમાં લધુત્તમ પગાર** | **ફીક્સ પગાર (રૂ.)** | **મંજુર થયેલ મહેકમ** | | | | **કુલ સંખ્યા** |
|---|---|---|---|---|---|---|---|
| | | | **વર્ગ-૧** | **વર્ગ-૨** | **વર્ગ-૩** | **વર્ગ-૪** | |
| **૧૪૪૨૦૦-૨૧૮૨૦૦** | **૧૪૪૨૦૦** | | **૧** | | | | **૧** |
| **૧૨૩૧૦૦-૨૧૫૯૦૦** | **૧૧૮૫૦૦** | | **૧** | | | | **૧** |
| **૭૮૮૦૦-૨૦૯૨૦૦** | **૭૮૮૦૦** | | **૩** | | | | **૩** |
| **૫૬૧૦૦-૧૭૭૫૦૦** | **૫૬૧૦૦** | | **૪** | | | | **૪** |
| **૪૪૯૦૦-૧૪૨૪૦૦** | **૪૪૯૦૦** | | | **૯** | | | **૯** |
| **૪૪૯૦૦-૧૪૨૪૦૦** | **૪૪૯૦૦** | | | | **૩** | | **૩** |
| **૪૪૯૦૦-૧૪૨૪૦૦** | **૪૪૯૦૦** | | | | **૪** | | **૪** |
| ના.સે.અ. ફિકસ | | **૩૮૦૯૦** | | | **૧૬** | | **૧૬** |
| ઓ.આસી. ફિકસ | | **૧૯૯૫૦** | | | **૭** | | **૭** |
| **૧૯૯૦૦-૬૩૨૦૦** | **૧૯૯૦૦** | | | | **૨** | | **૨** |
| **૧૫૭૦૦-૫૦૦૦૦** | **૧૫૭૦૦** | | | | | **૧** | **૧** |
| લીગલ કન્સલ્ટન્ટ (ફીકસ) | | **૪૦,૦૦૦** | | **૧** | | | **૧** |
| ડ્રાઇવર | - | - | - | - | **૨** | - | **૨** |
| ફિકસ પગાર | માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચૂકવવામાં આવે છે (કુલ-૮ રોજમદાર પટાવાળા) | | | | | ૮ | ૮ |
| **કુલ સંખ્યા** | | | ૯ | ૧૦ | ૩૪ | ૯ | ૬૨ |

સને **૨૦૨૦-૨૧**ના વર્ષ દરમિયાન મહેસુલ સદરે નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ હતી.

| ક્રમાંક | વિગત | **૨૦૨૦-૨૧ની જોગવાઇ (રૂ.લાખમાં)** | |
|---|---|---|---|
| | | મહેસૂલ | કુલ |
| **૧** | **૨** | **૩** | **૫** |
| **૧** | માંગણી ક્રમાંક:**૧૦૫** મુખ્ય સદર:**૨૨૫૧** સચિવાલય, સામાજિક સેવાઓ | **૫૭૨.૫૬** | **૫૭૨.૫૬** |
| | **કુલ** | **૫૭૨.૫૬** | **૫૭૨.૫૬** |

વિભાગ ખુદ દ્વારા સીધી રીતે કોઇ વિકાસલક્ષી કાર્ય કરવાના થતાં નથી. ઉપર મુજબ થયેલ મહેસુલ સદરની જોગવાઇમાંથી કર્મચારીઓના પગાર, ભથ્થાં, કચેરી ખર્ચ, ફર્નિચરની ખરીદી તથા અન્ય પરચુરણ ખર્ચ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સરકારની કોમ્પ્યુટરાઇઝેશનની નીતિના અમલના સંદર્ભમાં વિભાગના કોમ્પ્યુટરાઇઝેશન વિશે આયોજન હેઠળની ગ્રાન્ટમાંથી વર્ષ દરમ્યાન વિભાગ તેમજ વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરી માટે કોમ્પ્યુટર હાર્ડવેરની ખરીદી તેમજ તેને સંલગ્ન ખરીદીઓ જેવી કે, કાગળો, કાર્ટીઝ, પેન ડ્રાઇવ, સીડી વગેરેમાં ખર્ચ કરવામાં આવેલ છે.

## કાર્યક્રમ અને પ્રવૃત્તિ વર્ગીકરણ નાણાંકીય જરૂરિયાત
## માંગણી ક્રમાંક:૧૦૫ મુખ્ય સદર:૨૨૫૧ સચિવાલય સામાજિક સેવાઓ (રૂ.લાખમાં)

| ક્રમાંક | વિગત | વર્ષ-૨૦૨૧-૨૨ની જોગવાઇ (રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | મહેસૂલ | **કુલ** |
| **૧** | **૨** | **૩** | **૪** |
| **૧** | માંગણી ક્રમાંક: **૧૦૫** મુખ્ય સદર:**૨૨૫૧** સચિવાલય, સામાજિક સેવાઓ | ૪૮૩.૫૦ | ૪૮૩.૫૦ |
| | **કુલ રકમ** | ૪૮૩.૫૦ | ૪૮૩.૫૦ |

# કામગીરી અંદાજપત્ર:
# વર્ષ:- ૨૦૨૧-૨૨

# નિયામકશ્રી (આઈ.સી.ડી.એસ.),
# સંકલિત બાળ વિકાસ યોજના (પોષક આહાર)

## પ્રસ્તાવના

**રાજયમાં સૌ પ્રથમ ૧૯૭૫માં છોટાઉદેપુર ખાતે આ યોજનાની શરૂઆત થયેલ હતી, ત્યારબાદ તબક્કાવાર સમગ્ર રાજયમાં આ કાર્યક્રમ અમલી બનેલ છે.**

## પૂરક પોષણ કાર્યક્રમ

પોષણ કાર્યક્રમ એ રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો એક ભાગ છે. સંકલિત બાળ વિકાસ સેવા કાર્યક્રમ સેવાનું પેકેજ પુરું પાડે છે. સંકલિત બાળ વિકાસ સેવા યોજના એ લાભાર્થીલક્ષી પોષણ કાર્યક્રમ છે. સમાજના **૬** માસથી **૩૬** માસ સુધીની વયના બાળકો તથા સગર્ભા/ધાત્રી માતાઓમાં કુપોષણ જણાતાં રાજય સરકાર દ્વ્રારા આ ઉણપ દુર કરવા માટે પોષણ કાર્યક્રમનું આયોજન તથા અમલીકરણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ **૬** માસ થી **૬** વર્ષની વયના બાળકોને **૫૦૦** કિલો કેલેરી અને **૧૨** થી **૧૫** ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે અને કુપોષિત-અતિશય ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કિલો કેલેરી અને **૨૦** થી **૨૫** ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે, જયારે સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓને આ યોજના હેઠળ **૬૦૦** કિલો કેલેરી અને **૧૮** થી **૨૦** ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે.

આ યોજના હેઠળ **(૧) ૬** માસ થી **૬** વર્ષના બાળકો અને સગર્ભા/ધાત્રી માતાઓને પૂરકપોષણ (૨) પૂર્વ પ્રાથમિક શિક્ષણ **(૩)** રોગ પ્રતિકારક રસીઓ **(૪)** આરોગ્ય તપાસ (૫) રેફરલ સેવાઓ **(૬)** આરોગ્ય અને પોષણ વિષયક શિક્ષણની સેવાઓ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ મુખ્યત્વે બાળ વિકાસ યોજના અમલમાં છે.

રાજયમાં સૌ પ્રથમ **૧૯૭૫**માં છોટાઉદેપુર ખાતે આ યોજના હેઠળ ઘટક મંજુર કરવામાં આવેલ. ત્યાર બાદ ઘટકોમાં ક્રમશ વધારો થયેલ છે. **૩૧**મી ડિસેમ્બર-**૨૦૧૭** સુધીમાં **૫૩૦૨૯** આંગણવાડી કેન્દ્રો અને **૩૩૬** સંકલિત બાળ વિકાસ સેવા ઘટકો મંજુર કરવામાં આવ્યા છે. કુલ **૩૩૬** ઘટકો પૈકી ૮**૩** ઘટકો આદિજાતિ વિસ્તારોમાં અને **૨૩** ઘટકો શહેરી અને ગ્રામ્યના વિસ્તારોમાં **૨૩૦** ઘટકો મંજૂર કરવામાં આવેલ છે. **૩૧**મી ડિસેમ્બર-**૨૦૧૭**ના અંત સુધીમાં **૩૩૬** ઘટકો અને **૫૩૦૨૯** આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત થયેલ છે, જેમાં **૫૪.૨૭** લાખ લાભાર્થીઓને (ડિસેમ્બર-**૨૦૨૦** અંતિત) આવરી લેવામાં આવ્યા છે.

## આ યોજનાના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

**૧.** **૦** થી **૬** વર્ષના બાળકોનું પોષણ અને આરોગ્ય સ્તર સુધારવું.
૨. બાળકોના શારીરીક, માનસિક અને સામાજિક વિકાસનો પાયો નાખવો.
**૩.** બાળ મૃત્યુ, બાળરોગ અને કુપોષણ તથા અધવચ્ચે શાળા છોડી જવાનું પ્રમાણ ઘટાડવું.
**૪.** બાળ વિકાસને વેગ આપવા માટે વિવિધ ખાતા અને વિભાગ વચ્ચે કાર્યક્રમના અમલ માટે અસરકારક સંકલન કરવું.
૫. પોષણ અને આરોગ્ય અંગેના વ્યવિસ્થત શિક્ષણ દ્વારા બાળકના પોષણ અને આરોગ્ય અંગેની સામાન્ય કાળજી રાખવા માતાઓની કાર્યક્ષમતા સુધારવી.

**રાજ્ય સરકાર આયોજિત ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ પોષણ કાર્યક્રમને આવરી લેવામાં આવેલ છે તેમજ દર માસે આ કાર્યક્રમ હેઠળ થયેલ સિધ્ધિની સમીક્ષા કરવામાં આવે છે. ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ સને ૨૦૨૦-૨૧ના વર્ષે ભારત સરકારે આપેલ લક્ષ્યાંક સામે ડિસેમ્બર-૨૦૨૦ અંતિત સિધ્ધિ નીચે પ્રમાણે છે.**

| વિગત | લક્ષ્યાંક | સિધ્ધિ | સિધ્ધિ ટકામાં |
|---|---|---|---|
| ઘટકો | ૩૩૬ | ૩૩૬ | ૧૦૦.૦૦ ટકા |

| | | | |
|---|---|---|---|
| આંગણવાડીઓ | **૫૩૦૨૯** | **૫૩૦૨૯** | **૧૦૦.૦૦ ટકા** |
| લાભાર્થીઓ | **૫૬.૯૭** લાખ | **૫૪.૨૭** લાખ | **૯૫.૨૬%** |

**૩૧**મી ડિસેમ્બર-**૨૦** ના અંત સુધીમાં **૫૩૦૨૯** આંગણવાડીઓ કાર્યાન્વિત છે તથા **૩૩૬** સંકલિત બાળ વિકાસ સેવા ઘટકો મંજુર કરવામાં આવ્યા છે. કુલ **૩૩૬** ઘટકો પૈકી **૮૩** ઘટકો આદિજાતિ વિસ્તારોમાં અને **૨૩** ઘટકો શહેરી અને **૨૩૦** ઘટકો ગ્રામ્ય વિસ્તારોમાં સ્થા**પ**વામાં આવ્યા છે અને આંગણવાડી કેન્દ્રોમાં **૫૪.૨૭** લાખ લાભાર્થીઓને પુરકપોષણ માટે આવરી લેવામાં આવ્યા છે.

| **પંચવર્ષીય તથા વાર્ષિક યોજનાનો સમયગાળા** | **આઇ.સી.ડી.એસ. યોજના હેઠળના ઘટકોની સંખ્યા** | | **યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા ઘટકોની વિસ્તાર મુજબની ફાળવણી** | | | **આઇ.સી.ડી.એસ. યોજના હેઠળના નંદઘર (આંગણવાડી) કેન્દ્રોની સંખ્યા** | |
|---|---|---|---|---|---|---|---|
| | **યોજના દરમ્યાન મંજુર થયેલા ઘટકો** | **યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા ઘટકો** | **ગ્રામ્ય વિસ્તાર હેઠળના ઘટકો** | **શહેરી વિસ્તાર હેઠળના ઘટકો** | **આદિજાતિ વિસ્તાર હેઠળના ઘટકો** | **યોજના દરમ્યાન મંજૂર થયેલા નંદઘર (આંગણવાડી) કેન્દ્રો** | **યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા નંદઘર (આંગણવાડી) કેન્દ્રો** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** |
| **૧૯૭૫-૮૦** | **૭** | **૭** | **૩** | **૧** | **૩** | **૧૨૦૫** | **૧૨૦૫** |
| **૧૯૮૦-૮૫** | **૫૬** | **૬૩** | **૨૬** | **૫** | **૩૨** | **૯૧૪૪** | **૧૦૩૪૯** |
| **૧૯૮૫-૯૦** | ૫૨ | **૧૧૫** | **૭૫** | **૭** | **૩૩** | **૮૭૫૦** | **૧૯૦૯૯** |
| **૧૯૯૦-૯૧** | **૧** | **૧૧૬** | **૭૬** | **૭** | **૩૩** | **૪૭** | **૧૯૧૪૬** |
| **૧૯૯૧-૯૨** | **૪** | **૧૨૦** | **૮૦** | **૭** | **૩૩** | **૬૭૨** | **૧૯૮૧૮** |
| **૧૯૯૨-૯૭** | **૪૩** | **૧૬૩** | **૧૨૦** | **૯** | **૩૪** | **૧૦૪૫૩** | **૩૦૨૭૧** |
| **૧૯૯૭-૨૦૦૦** | **૪૦** | **૨૦૩** | **૧૪૬** | **૧૨** | **૪૫** | **૫૬૬૨** | **૩૫૯૩૩** |
| **૨૦૦૦-૨૦૦૬** | **૨૪** | **૨૨૭** | **૧૬૯** | **૧૨** | **૪૬** | **૨૦૨૮** | **૩૭૯૬૧** |
| **૨૦૦૬-૨૦૦૭** | **૩૩** | **૨૬૦** | **૧૯૩** | **૧૫** | **૫૨** | **૩૫૨૩** | **૪૧૪૮૪** |
| **૨૦૦૭-૨૦૦૮** | **૦** | **૨૬૦** | **૧૯૩** | **૧૫** | ૫૨ | **૨૬૯૫** | **૪૪૧૭૯** |
| **૨૦૦૮-૨૦૦૯** | **૦** | **૨૬૦** | **૧૯૩** | **૧૫** | ૫૨ | **૦** | **૪૪૧૭૯** |
| **૨૦૦૯-૨૦૧૦** | **૭૬** | **૩૩૬** | **૨૩૩** | **૨૩** | **૮૦** | **૪૪૩૮** | **૪૮૬૧૭** |
| **૨૦૧૦-૨૦૧૧** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૧૬૦૯** | **૫૦૨૨૬** |
| **૨૦૧૧-૨૦૧૨□** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૫૦૨૨૬** |
| **૨૦૧૨-૨૦૧૩□** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૧૯૧૧** | **૫૨૧૩૭** |
| **૨૦૧૩-૨૦૧૪** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૫૨૧૩૭** |
| **૨૦૧૪-૨૦૧૫** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૫૨૧૩૭** |
| **૨૦૧૫-૨૦૧૬** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૮૯૨** | **૫૩૦૨૯** |
| **૨૦૧૬-૨૦૧૭** | **૦** | **૩૩૬** | **૨૩૦** | **૨૩** | **૮૩** | **૦** | **૫૩૦૨૯** |
| **૨૦૧૭-૨૦૧૮** | **૦** | **૩૩૬** | **૨૩૦** | **૨૩** | **૮૩** | **૦** | **૫૩૦૨૯** |
| **૨૦૧૮-૨૦૧૯** | **૯૦** | **૪૨૬** | - | - | - | **૦** | **૫૩૦૨૯** |
| **૨૦૧૯-૨૦૨૦** | **૦** | **૪૨૬** | - | - | - | **૦** | **૫૩૦૨૯** |
| **પંચવર્ષીય તથા વાર્ષિક યોજનાનો** | **આઇ.સી.ડી.એસ. યોજના હેઠળના ઘટકોની સંખ્યા** | | **યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા ઘટકોની વિસ્તાર મુજબની ફાળવણી** | | | **આઇ.સી.ડી.એસ. યોજના હેઠળના નંદઘર (આંગણવાડી) કેન્દ્રોની સંખ્યા** | |

| સમયગાળા | યોજના દરમ્યાન મંજુર થયેલા ઘટકો | યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા ઘટકો | ગ્રામ્ય વિસ્તાર હેઠળના ઘટકો | શહેરી વિસ્તાર હેઠળના ઘટકો | આદિજાતિ વિસ્તાર હેઠળના ઘટકો | યોજના દરમ્યાન મંજૂર થયેલા નંદઘર (આંગણવાડી) કેન્દ્રો | યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા નંદઘર (આંગણવાડી) કેન્દ્રો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨૦૨૦-૨૧ | ૦ | ૪૨૬ | ૨૭૭ | ૪૦ | ૧૦૯ | ૦ | ૫૩૦૨૯ |

**<u>નાણાકીય જોગવાઇ અને ખર્ચ</u>**

રાજય સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ઘણી ઉદારનીતિ અપનાવીને જુદા જુદા નાણાકીય વર્ષમાં નાણાકીય જોગવાઇમાં વધારો કરેલ છે. સને **૨૦૦૨-૨૦૦૩** થી સને **૨૦૨૦-૨૦૨૧**ના વર્ષની જોગવાઇ અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | પંચવર્ષીય યોજના હેઠળ વાર્ષિક આયોજન (રૂ.લાખમાં) | સુધારેલ બજેટ મુજબ નાણાકીય જોગવાઇ (રૂ.લાખમાં) | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | ૫૦૬૪.૦૦ | ૪૧૯૩.૦૦ | ૪૩૮૩.૨૨ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૭૦૬૪.૦૦ | ૫૦૦૦.૦૦ | ૪૯૧૫.૧૫ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૬૨૧૬.૦૦ | ૫૯૨૯.૧૭ | ૫૯૦૦.૨૭ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૬૭૧૬.૦૦ | ૯૨૧૮.૩૦ | ૯૨૧૮.૩૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૮૫૧૬.૦૦ | ૮૫૧૬.૦૦ | ૮૫૧૬.૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૧૯૫૦.૦૦ | ૧૪૩૦૬.૫૮ | ૧૪૩૦૬.૫૮ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૨૩૭૫૦.૦૦ | ૨૭૬૧૧.૭૬ | ૨૭૬૧૧.૭૬ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૬૧૦૦૦.૦૦ | ૪૪૪૧૯.૦૯ | ૪૪૪૧૯.૦૯ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૭૭૪૮૧.૦૦ | ૭૬૮૭૭.૦૨ | ૭૬૮૭૭.૦૨ |
| ૨૦૧૧-૨૦૧૨ | ૧૧૩૮૯૦.૩૧ | ૧૨૨૫૩૪.૩૭ | ૧૧૮૪૮૫.૫૫ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૧૧૩૮૧૫.૪૪ | ૧૧૨૧૩૪.૯૫ | ૧૧૨૧૧૬.૮૧ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૧૦૯૩૭૬.૫૭ | ૯૧૪૩૧.૬૦ | ૯૧૪૦૫.૬૪ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૨૧૯૧૯૨.૦૨ | ૧૮૬૮૦૦.૭૪ | ૯૨૫૭૭.૨૭ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૨૧૯૬૨૫.૪૨ | ૨૧૨૨૩૭.૫૨ | ૯૬૦૨૯.૨૩ |
| ૨૦૧૬-૨૦૧૭ | ૨૩૨૫૨૨.૯૬ | ૧૭૨૦૯૬.૮૧ | ૯૩૬૦૫.૯૫ |

| **નાણાકીય જોગવાઇ અને ખર્ચ** (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | **મહેસુલ/મુડી** | | |
| | | **મૂળ જોગવાઇ** | **સુધારેલ જોગવાઇ** | **ખર્ચ** |
| **૧** | **૨૦૧૭-૧૮** | **૨૪૬૩૩૮.૫૧** | **૧૯૭૭૮૨.૦૭** | **૧૬૯૦૮૭.૮૨** |
| **૨** | **૨૦૧૮-૧૯** | **૨૭૩૨૮૪.૨૬** | **૨૨૮૩૯૧.૧૩** | **૧૭૦૮૧૩.૧૭** |
| **૩** | **૨૦૧૯-૨૦** | **૨૪૭૬૯૦.૩૪** | **૨૩૪૮૨૩.૮૫** | **૨૩૩૨૯૬.૭૧** |
| **૪** | **૨૦૨૦-૨૧** | **૨૪૮૬૮૩.૯૯** | **૨૭૪૮૭૮.૬૧** | **૧૭૯૦૩૧.૨૪** (તા.**૧૫/૦૧/૨૦૨૧** પ્રમાણે) |

સને **૨૦૨૧-૨૨**ના વર્ષ માટે ચાલુ બાબત તરીકે ભારત સરકારશ્રીના રૂ.**૯૧૧૫૫.૭૬** લાખ અને રાજય સરકારશ્રીના રૂ.**૧૬૯૭૨૨.૭૩** લાખની અને નવી બાબત તરીકે રૂ.**૪૩૫૬.૧૧** લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે. આમ કુલ રૂ.**૨૬૫૨૩૪.૬૦** લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**પૂરક પોષણ માટેના દૈનિક ખર્ચ મર્યાદા અને કેલરી-પ્રોટીનની માત્રાના ધોરણો નીચે મુજબ છે.**

**(૧)** **૬** માસથી **૬** વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂ.**૮.૦૦** ના ખર્ચની મર્યાદામાં **૫૦૦** કિલો કેલરી અને **૧૨-૧૫** ગ્રામ પ્રોટીન મળી રહે તે મુજબ પૂરક પોષણ આપવામાં આવે છે. જેમાં **૫૦%** કેન્દ્ર સરકારના અને **૫૦%** રાજ્ય સરકારના હિસ્સા મુજબ રૂ.**૪.૦૦** રાજ્ય સરકાર દ્વારા અને રૂ.**૪.૦૦** કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

**(૨)** **૬** માસથી **૬** વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને પ્રતિ દિન પ્રતિ લાભાર્થી રૂ.**૧૨/-** ની મર્યાદામાં ૮૦૦ કિલો કેલરી અને **૨૦-૨૫** ગ્રામ પ્રોટીન આપવામાં આવે છે. પુરક પોષણ યોજના માટે **૫૦%-૫૦%** શેરીંગ પેટર્ન પ્રમાણે રૂ.**૬/-** રાજ્ય સરકાર દ્વારા અને રૂ.**૬/-** કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

(૩) સગર્ભા અને ધાત્રી માતા માટે પ્રતિ દિન પ્રતિ લાભાર્થી રૂ.**૯.૫૦** ની મર્યાદામાં **૧૮-૨૦** ગ્રામ પ્રોટીન અને **૬૦૦** કિલો કેલરી મળી રહે તે મુજબ પૂરક - પોષણ આપવામાં આવે છે. પૂરક પોષણ યોજના માટે **૫૦% -૫૦%** શેરીંગ પેટર્ન પ્રમાણે રૂ.**૪.૭૫** રાજ્ય સરકાર દ્વારા અને રૂ.**૪.૭૫** કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

**આ યોજના માટે નીચે જણાવેલ અમલીકરણ માળખું અસ્તિત્વમાં છે.**
**અમલીકરણનો ઢાંચો**
**આ કાર્યક્રમ નીચેના અમલીકરણના માળખામાં રહીને પંચાયત અને આરોગ્યના કર્મચારીઓ દ્વારા તેઓની દેખરેખ હેઠળ ચલાવવામાં આવે છે.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર**

**કમિશનરશ્રી/નિયામકશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર**

**પ્રોગ્રામ ઓફીસરની કચેરી/સંબંધિત જિલ્લા પંચાયત, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મ્યુનિ.કોર્પોરેશન/મ્યુ.કમિશ્નશ્રી કચેરી**

**સંકલિત બાળ વિકાસ અધિકારીની કચેરી – સંબંધિત તાલુકા પંચાયત/ સંબંધિત મ્યુ. કોર્પોરેશન- સ્વૈચ્છિક સંસ્થા- સંબંધિત મ્યુ. કમિશનરશ્રી - સંકલિત બાળ વિકાસ અધિકારીશ્રી – તાલુકા વિકાસ અધિકારીશ્રી - મુખ્ય સેવિકાઓ - પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારીશ્રીઓ**

**સ્થાનિક કક્ષાની નંદઘર (આંગણવાડીઓ)-નંદઘર વર્કર-હેલ્પર-સુપરવાઇઝર-ફીમેલ હેલ્થ વર્કર**

# વિભાગ-૨

પોષણ કાર્યક્રમ હેઠળ છેલ્લા ચૌદ વર્ષ દરમ્યાન ફાળવવામાં આવેલ ભૌતિક લક્ષ્યાંક સામે થયેલ પ્રગતિ નીચે મુજબ છે.

| અનુક્રમ | વર્ષ | ભૌતિક લાભાર્થી લક્ષ્યાંક અને સિધ્ધિ | | |
|---|---|---|---|---|
| | | લાભાર્થી લક્ષ્યાંક | લાભાર્થી સિધ્ધિ | લાભાર્થી સિધ્ધિ ટકામાં |
| ૧ | ૨૦૦૭-૦૮ | ૩૬૦૦૦૦૦ | ૨૪૫૩૧૩૬ | ૬૮.૧૪ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૩૬૦૦૦૦૦ | ૩૨૧૬૨૧૪ | ૮૯.૩૪ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૪૦૦૦૦૦૦ | ૩૫૧૭૩૯૦ | ૮૭.૯૩ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૪૪૫૦૦૦૦ | ૪૫૭૮૭૮૩ | ૧૦૨.૮૯ |
| ૫ | ૨૦૧૧-૧૨ | ૪૪૫૦૦૦૦ | ૪૮૩૪૮૫૦ | ૧૦૮.૬૨ |
| ૬ | ૨૦૧૨-૧૩ | ૪૪૫૦૦૦૦ | ૪૪૦૨૮૩૭ | ૯૮.૯૪ |
| ૭ | ૨૦૧૩-૧૪ | ૪૪૫૦૦૦૦ | ૪૯૨૬૩૭૪ | ૧૧૦.૦૮ |
| ૮ | ૨૦૧૪-૧૫ | ૪૪૫૦૦૦૦ | ૪૬૫૫૦૦૦ | ૧૦૦.૦૦ |
| ૯ | ૨૦૧૫-૧૬ | ૪૪૫૫૦૦૦ | ૪૪૭૬૦૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૦ | ૨૦૧૬-૧૭ | ૪૪૫૫૦૦૦ | ૪૪૬૧૦૦૦ | ૧૦૨.૩૮ |
| ૧૧ | ૨૦૧૭-૧૮ | ૬૩૪૭૮૨૫ | ૪૮૬૧૬૪૩ | ૭૬.૫૯ |
| ૧૨ | ૨૦૧૮-૧૯ | ૬૪૫૪૦૫૦ | ૫૨૦૬૨૨૯ | ૮૦.૬૦ |
| ૧૩ | ૨૦૧૯-૨૦ | ૫૮૩૨૯૩૨ | ૫૦૮૬૬૯૦ | ૮૭.૨૧ |
| ૧૪ | ૨૦૨૦-૨૧ (ડિસેમ્બર-૨૦૨૦ અંતિત) | ૫૬૯૭૩૮૧ | ૫૪૨૭૨૪૦ | ૯૫.૨૬ |

પોષણ કાર્યક્રમ હેઠળ માટે રાજય આયોજન/આયોજન બહાર હેઠળ કરવામાં આવેલ જોગવાઇ અને તેની સામે થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

**(રૂ. લાખમાં)**

| ક્રમ | વર્ષ | નાણાકીય જોગવાઇ અને ખર્ચ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | આયોજન હેઠળ | | | આયોજન બહાર | | |
| | | મૂળ જોગવાઇ | સુધારેલ જોગવાઇ | ખર્ચ | મૂળ જોગવાઇ | સુધારેલ જોગવાઇ | ખર્ચ |
| ૧ | ૨૦૦૭-૦૮ | ૧૧૯૫૦.૦૦ | ૧૪૩૦૬.૫૮ | ૧૪૩૦૬.૫૮ | ૧૧૯૨૮.૯૬ | ૧૧૯૮૨.૨૦ | ૧૧૯૮૨.૨૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૨૩૭૫૦.૦૦ | ૨૭૬૧૧.૭૬ | ૨૭૬૧૧.૭૬ | ૧૧૮૮૬.૬૯ | ૧૬૧૫૯.૫૦ | ૧૬૧૫૯.૫૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૬૧૦૦૦.૦૦ | ૪૪૪૧૯.૦૯ | ૪૪૪૧૯.૦૯ | ૧૫૫૯૮.૭૪ | ૨૨૧૦૫.૩૨ | ૨૨૧૦૫.૩૨ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૭૭૪૮૧.૦૦ | ૭૬૮૭૭.૦૨ | ૭૬૮૭૭.૦૨ | ૨૦૦૩૭.૬૬ | ૨૫૭૪૦.૨૧ | ૨૫૭૩૯.૩૫ |
| ૫ | ૨૦૧૧-૧૨ | ૧૧૩૮૯૦.૩૧ | ૧૨૨૫૩૪.૩૭ | ૧૧૮૪૮૫.૫૫ | ૧૦૫૨.૧૩ | ૧૬૨૧૪.૦૭ | ૧૬૨૧૩.૫૭ |
| ૬ | ૨૦૧૨-૧૩ | ૧૩૩૮૧૫.૪૪ | ૧૧૨૧૧૩૪.૯૫ | ૧૧૨૧૧૬.૮૧ | ૭૪૬૦૩.૬૬ | ૭૨૭૦૯.૭૧ | ૭૨૧૫૩.૫૩ |
| ૭ | ૨૦૧૩-૧૪ | ૧૦૯૩૭૬.૫૭ | ૯૧૪૩૧.૬૦ | ૯૧૪૦૫.૮૪ | ૧૦૮૧૭૬.૦૨ | ૧૦૦૫૦૧.૪૫ | ૧૦૦૪૬૮.૪૮ |
| ૮ | ૨૦૧૪-૧૫ | ૨૧૯૧૯૨.૦૨ | ૧૮૬૮૦૦.૭૪ | ૯૨૫૭૭.૨૭ | ૧૨૮૭.૩૩ | ૩૮૧.૮૫ | ૩૮૧.૮૫ |
| ૯ | ૨૦૧૫-૧૬ | ૨૧૯૬૨૫.૪૨ | ૨૧૨૨૩૭.૫૨ | ૯૬૦૨૯.૨૩ | ૫૯૨.૨૫ | ૫૮૮.૫૮ | ૫૮૮.૫૮ |
| ૧૦ | ૨૦૧૬-૧૭ | ૨૩૨૫૨૨.૯૬ | ૧૭૨૦૯૬.૮૧ | ૯૩૬૦૫.૯૫ | ૬૦૮.૦૧ | ૫૯૫.૩૫ | ૧૫૯.૨૯ |

| **નાણાકીય જોગવાઇ અને ખર્ચ** (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | **વર્ષ** | **મહેસુલ/મુડી** | | |
| | | **મૂળ જોગવાઇ** | **સુધારેલ જોગવાઇ** | **ખર્ચ** |
| **૧** | **૨૦૧૭-૧૮** | **૨૪૬૩૩૮.૫૧** | **૧૯૭૭૮૨.૦૭** | **૧૬૯૦૮૭.૮૨** |
| **૨** | **૨૦૧૮-૧૯** | **૨૭૩૨૮૪.૨૬** | **૨૨૮૩૯૧.૧૩** | **૧૭૦૮૧૩.૧૭** |
| **૩** | **૨૦૧૯-૨૦** | **૨૪૭૬૯૦.૩૪** | **૨૩૪૮૨૩.૮૫** | **૨૩૩૨૯૬.૭૧** |
| **૪** | **૨૦૨૦-૨૧** | **૨૪૮૬૮૩.૯૯** | **૨૭૪૮૭૮.૬૧** | **૧૭૯૦૩૧.૨૪** (તા.**૧૫/૦૧/૨૦૨૧** પ્રમાણે) |

આઇ.સી.ડી.એસ. યોજના માટે કરવામાં આવેલ નાણાકીય જોગવાઇ પૈકી સને **૨૦૨૦-૨૧**ના વર્ષ માટેની રૂ.**૫૨૯૫૭.૯૦** લાખની જોગવાઇ આદિજાતિ વિકાસ વિભાગના હવાલે રાખેલ છે.

# વિભાગ-૩

## મહત્વના કાર્યક્રમ પરત્વે કામગીરી સમીક્ષા

## પૂરક પોષણ કાર્યક્રમ :-

પોષણ કાર્યક્રમ એ રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો એક ભાગ છે. સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ વિવિધ સેવાનું પેકેજ પુરૂ પાડવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ સેવા યોજનાએ લાભાર્થીલક્ષી પોષણ કાર્યક્રમ છે. સમાજના **૬** માસથી **૬** વર્ષ સુધીની વયના બાળકો તથા સગર્ભા/ધાત્રી માતાઓમાં પ્રવર્તતા કુપોષણને નિવારવા માટે રાજય સરકાર દ્વારા આ ઉણપ દૂર કરવા માટે પોષણ કાર્યક્રમનું આયોજન તથા અમલીકરણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ **૬** માસ થી **૬** વર્ષની વયના સામાન્ય વજનવાળા બાળકો અને ઓછા વજનવાળા બાળકોને **૫૦૦** કેલેરી અને **૧૨** થી **૧૫** ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે. અને અતિ ઓછા વજનવાળા બાળકોને **૮૦૦** કિલો કેલેરી અને **૨૦** થી ૨**૫** ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે, જયારે સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓને આ યોજના હેઠળ **૬૦૦** કિલો કેલેરી અને **૧૮** થી **૨૦** ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા તા.**૦૧/૦૪/૨૦૧૩** થી પૂરક પોષણ યોજના માટે પુનઃસુધારેલ દર નીચે મુજબ નક્કી કરેલ છે જે તમામ જિલ્લાઓમાં અમલમાં મૂકાયેલ છે.

| **લાભાર્થી વર્ગ** | **સુધારેલ દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન)** | **કેલેરી (કિલો કેલેરી)** | **પ્રોટીન (ગ્રામ)** |
|---|---|---|---|
| બાળકો (૬ માસ થી ૭૨ માસ) | **રૂ! ૮.૦૦** | **૫૦૦** | **૧૨-૧૫** |
| અતિ ઓછા વજનવાળા બાળકો (૬ માસથી ૭૨ માસ) | **રૂ! ૧૨.૦૦** | **૮૦૦** | **૨૦-૨૫** |
| સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓ | **રૂ! ૯.૫૦** | **૬૦૦** | **૧૮-૨૦** |

## પૂરક પોષણ કાર્યક્રમ હેઠળ અમલી યોજનાઓ :

### ૧ .બાળકો માટે ગરમ ભોજન અને ફળ-:

આંગણવાડીમાં આવતા **૩** વર્ષથી **૬** વર્ષના તમામ બાળકોને સવારે ગરમ નાસ્તો અને બપોરનું એક સમયનું ગરમ ભોજન તૈયાર કરી આપવામાં આવે છે. ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓ તેમજ NFSA એકટને ધ્યાને લેતા આંગણવાડીમાં આવતા **૩** થી **૬** વર્ષના તમામ બાળકોને સવાર અને બપોરના ગરમ ભોજન માંથી **૫૦૦** કિલો કેલરી અને **૧૨-૧૫** પ્રોટીન મળી રહે તે મુજબ તેઓ માટે પૌષ્ટિક મેનુ તૈયાર કરવામાં આવ્યું છે. આ સાથે આ બાળકોને અઠવાડીયામાં **૨** દિવસ ફળ આપવામાં આવે છે.

### ૨. ટેક હોમ રેશન :-

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ **૬** માસથી **૩** વર્ષ સુધીના તમામ બાળકો, **૩** વર્ષથી **૬** વર્ષના અતિઓછા વજનવાળા બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરી લાભાર્થીઓને પૂરક પોષણ આહાર તરીકે બાલશકિત, માતૃશકિત અને પૂર્ણાશકિત ટેક હોમ રેશન(THR) તરીકે આપવામાં આવે છે. હાલમાં ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) મારફતે કરવામાં આવેલ છે,. જેમાં લાભાર્થીને નિર્ધારીત પ્રોટીન, કેલરી અને માઇક્રોન્યુટ્રીશન મળી રહે તે રીતે તૈયાર કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે

- બાલશકિત -: **૬** માસથી **૩** વર્ષના વયજૂથના બાળકોનું પોષણ સ્તર ઉચું લાવવા માટે વિશેષ પૂરક આહાર" બાલશક્તિ "તૈયાર કરવામાં આવ્યો છે .આ માટે સામાન્ય વજનવાળા **૬** માસથી **૩** વર્ષના

બાળકો કે જેમને **૫૦૦** કિલો. કેલરી અને **૧૦-૧૨** ગ્રામ પ્રોટીન મળી રહે તે માટે બાલશકિતના **૫૦૦** ગ્રામના **૭** પેકેટ, તેમજ અતિ ઓછા વજનવાળા **૬** માસથી **૩** વર્ષના બાળકોને **૮૦૦** કિલો કેલરી અને **૨૦-૨૫** ગ્રામ પ્રોટીન મળી રહે તે બાળકોને **૫૦૦** ગ્રામના **૧૦** પેકેટ અને **૩** વર્ષથી **૬** વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને **૫૦૦** ગ્રામના **૪** પેકેટ ટેક હોમ રેશન આપવામાં આવે છે .

- માતૃશકિત -:પૂરક પોષણ યોજના હેઠળ સગર્ભા અને ધાત્રી માતાઓને **૬૦૦** કિલો કેલરી અને **૧૮-૨૦** ગ્રામ પ્રોટીન મળી રહે તેવા પોષણયુક્ત આહાર ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે. સગર્ભા અને ધાત્રી માતાઓને માતૃશકિતના **૧** કિ.ગ્રાના **૪** પેકેટ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.
- પૂર્ણાશકિત -: પૂરક પોષણ યોજના હેઠળ કિશોરીઓને **૬૦૦** કિલો કેલરી અને **૧૮-૨૦** ગ્રામ પ્રોટીન મળી રહે તેવા પોષણયુક્ત આહાર ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે .કિશોરીઓને પુર્ણાશક્તિના **૧** કિ.ગ્રાના **૪** પેકેટ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.

હાલમાં તમામ જિલ્લામાં ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા GCMMF મારફતે તમામ ઘટકોમાં કરવામાં આવેલ છે. જે અન્વયે ડિસેમ્બર-**૨૦૨૦** અંતિત કુલ **૩૮.૫૮** લાખ લાભાર્થીઓને ટેક હોમ રેશન હેઠળ આવરી લેવામાં આવેલ છે .

## ૩ .દૂધ સંજીવની યોજના -:

રાજયના **૨૦** જિલ્લાના **૫૦** આદિજાતી તાલુકાઓના ૮૩ ઘટકો અને **૨૨** વિકાસશીલ તાલુકાઓના **૨૬** ઘટકોમાં દુધ સંજીવની યોજના અમલમાં છે. આંગણવાડી કેન્દ્રોમાં આવતા **૬** માસથી **૬** વર્ષના બાળકોને અઠવાડીયામાં **૫** દિવસ **૧૦૦** મિલી.પેશ્ચુરાઇઝડ ફલેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવામાં આવે છે અને સગર્ભા, ધાત્રી માતાઓને અઠવાડીયામાં **૨** દિવસ **૨૦૦** મી.લિ પેશ્ચુરાઇઝડ ફલેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવામાં આવે છે .જેમાં વર્ષ **૨૦૧૯-૨૦** દરમ્યાન કુલ **૧૦.૯૧** લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ. વર્ષ **૨૦૨૦-૨૧**માં કોવિડ-**૧૯** ના કારણે આંગણવાડી કેન્દ્રો બંધ રહેતા આ યોજના કે જે આંગણવાડીઓના લાભાર્થીઓ સાથે દૈનિક રીતે સીધી જોડાયેલી છે, આથી આ યોજનાનો અમલ થઇ શક્યો નથી

## ૪. ત્રીજુ ભોજન -:

આંગણવાડી કેન્દ્રોમાં કુપોષિત બાળકોનું વજન વધારવા માટે **૩** થી **૬** વર્ષના બાળકોને વર્ષ ૨૦૧૨ના ધોરણ પ્રમાણે રૂ. **૩** ની મર્યાદામાં ટેક હોમ રેશન ઉપરાંત ત્રીજુ ભોજન આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ત્રીજુ ભોજન ઓછા વજનવાળા તમામ બાળકોને આંગણવાડી કેન્દ્રથી છુટયા પછી પુરક પોષણ આહાર તરીકે ઘરે લઇ જવાનું રહે છે. આંગણવાડી કેન્દ્ર ધ્વારા આપવામાં આવતા સવારના નાસ્તા તથા બપોરના આહાર ઉપરાંત સામાન્ય ઓછા વજનવાળા અને અતિશય ઓછા વજનવાળા બાળકો (WHO ના ગ્રોથ ચાર્ટ પ્રમાણે પીળા અને લાલ ઝોનમાં આવતા બાળકો) ને ૫૦ ગ્રામ જથ્થાવાળુ લાડું, ત્રીજા આહાર ઘરે લઇ જવાના (THR) તરીકે અઠવાડીયામાં **૬** દિવસ (સોમ થી શનિ) આપવામાં આવે છે. આ પુરક પોષણ આહાર એનર્જી ડેન્સ, પ્રોટીન સભર તેમજ ઓછા જથ્થાવાળુ છે.

## ૫. ડબલ ફોર્ટિફાઇડ મીઠું -:

બાળકોના યોગ્ય વૃધ્ધિ અને વિકાસ માટે પૂરતું પોષણ મળવું ખૂબ જ જરૂરી છે. તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને તેમને અને બાળકના પોષણની જરૂરીયાતને પુરી પાડવા રોજીંદી જરૂરિયાત કરતા વધારે શક્તિ, પ્રોટીન, વિટામીન્સ, ખનીજ તત્વો વગેરે પોષક તત્વોની જરૂરિયાત હોય છે. શરીરને સુક્ષ્મ પોષકતત્વો ખૂબ જ ઓછી માત્રામાં જરૂરી હોય છે, પરંતુ સામાન્ય શારીરિક કાર્ય, વૃધ્ધિ અને વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. વર્ષ:**૨૦૨૧-૨૨** માં આઇસીડીએસ અંતર્ગત લાભાર્થીઓને આયર્ન અને આયોડીન ડબલ ફોર્ટીફાઇડ મીઠું આપવાની ચાલુ બાબતમાં રૂ.**૧૨૦૦.૦૦** લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં આઇસીડીએસ હેઠળ આંગણવાડી કેન્દ્રોમાં બાળકો માટે **૧** કિ.ગ્રા પ્રતિ માસ તેમજ સગર્ભા ધાત્રી માતાઓને અને કિશોરીઓને **૧** કિ.ગ્રા ડબલ ફોર્ટીફાઇડ મીઠું પ્રતિ માસ આપવામાં આવે છે. ડબલ ફોર્ટીફાઇડ (એટલે કે આયોડીન અને આયર્નયુક્ત) મીઠુમાં Iron: 850-1100 ppm Iodine: 30ppmનું પ્રમાણ છે.

## ૬. મંગળ દિવસ :-

ગુજરાતમાં કુપોષણનો દર ઘટાડવા માટે, સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ અને આરોગ્ય અંગેનું શિક્ષણ આપવું, પૂર્વ પ્રસુતિ સેવાઓ આપવી, જોખમી સગર્ભા માતાઓને ઓળખીને સંદર્ભ સેવાઓ પૂરી પાડવી

તેમજ બાળકોના વાલીઓને કુપોષણ અંગે જાગૃત કરવા સમુદાયની સામેલગીરી થકી જન આંદોલન સ્વરૂપે આંગણવાડી કક્ષાએ **૪** મંગળદિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ પ્રથમ મંગળવાર-સુપોષણ સંવાદ, બીજો મંગળવાર-બાલતુલા દિવસ, ત્રીજો મંગળવાર-અન્નપ્રાશન અને બાળદિન અને ચોથો મંગળવાર-અન્ન વિતરણ અને પૂર્ણા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ચારેય મંગળ દિવસની ઉજવણી માટે પોષણ અભિયાન અને સ્ટેટ બજેટની ગ્રાંટ મળીને આંગણવાડી દીઠ માસિક રૂ.૮૫૦/- ની જોગવાઇ કરવામાં આવે છે.

## ૭. પોષણ સુધા યોજના :-

સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખુબ મહત્વપુર્ણ છે. આ અવસ્થા દરમિયાન માતાઓને ગર્ભમાં રહેલ શીશુ અને સ્તનપાન કરાવવા માટે વધુ પ્રમાણમાં પોષણની જરૂરીયાત રહે છે. જેને ધ્યાને લેતા, ગુજરાત સરકાર દ્રારા વર્ષ **૨૦૧૭-૧૮** થી પ્રાયોગિક ધોરણે રાજ્ય બજેટમાં પાંચ જિલ્લાઓના **૬** તાલુકાઓમાં પોષણ સુધા યોજના (સ્પોટ ફીડીંગ પ્રોગ્રામ) શરૂ કરવામાં આવેલ છે. સગર્ભા અને ધાત્રી માતાઓમાં પાંડુરોગમાં ઘટાડો તેમજ તેઓની પોષણ સ્થિતિ અને પ્રસૂતિના પરિણામોમાં સુધારો લાવવાનો છે. જેમાં તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્ર ઉપર જ રોજ એક વખત સંપુર્ણ ભોજન આપવામાં આવે છે તથા તેની સાથે સાથે આઇ.એફ.એ અને કેલ્શિયમની ગોળી પણ આપવામાં આવે છે.

**નોંધ**:- નોવેલ કોરોનો વાયરસ **COVID-19** સામે સાવચેતીના પગલા રૂપે સરકારશ્રીના તા:**૧૬/૦૩/૨૦૨૦** ઠરાવથી તમામ આંગણવાડીઓમાં બાળકોને બોલાવવાનું મોકુફ રાખ્યુ છે. આથી, વર્ષ **૨૦૨૦-૨૧**માં કોવિડ-**૧૯** ના કારણે આંગણવાડી કેન્દ્રો બંધ રહેતા એવી યોજના કે જે આંગણવાડીઓના લાભાર્થીઓ સાથે દૈનિક રીતે સીધી જોડાયેલી છે તેવી યોજના જેવી કે દૂધ સંજિવની યોજના, ત્રીજુ ભોજન તથા પોષણ સુધા યોજના જેવી યોજનાઓનો અમલ થઇ શક્યો નથી.

## ૮. અન્ય મુખ્ય યોજનાઓની વિગતોઃ-

### ૮.૧ નવા નંદઘર બાંધકામ , આંગણવાડી રીપેરીંગ તથા અપગ્રેડેશન:-

ગુજરાત રાજયમાં મંજુર થયેલ કુલ **૫૩૦૨૯** આંગણવાડી કેન્દ્રો પૈકીની તમામ આંગણવાડીઓ કાર્યાન્વિત છે. રાજયમાં **૪૩૧૦૧** આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં બેસે છે. જે આંગવાડીઓ કેન્દ્રોના પોતાના મકાન નથી તેવા કુલ **૭૦૭૬** આંગવાડી કેન્દ્રો માટે સન **૨૦૦૮-૦૯** થી આંગણવાડી કેન્દ્રોના મકાનની બાંધકામની કામગીરી કરવામાં આવે છે. એકસરખા તૈયાર થયેલા આંગણવાડી કેન્દ્રોને નંદઘર નામ આપવામાં આવેલ છે.

સન **૨૦૨૧-૨૨** માં કુલ **૪૦૦** "નંદઘર" બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભારત સરકારશ્રીની નવી ગાઇડલાઇન મુજબ એક મકાનની યુનિટ કોસ્ટ કુલ રૂ. **૭.૦૦** લાખ નિયત કરવામાં આવેલ છે. જે પૈકી રૂ. **૫.૦૦** લાખ મનરેગા યોજના હેઠળ જયારે રાજય સરકારની એક મકાનની યુનિટ કોસ્ટ રૂ. **૨.૦૦** લાખ નિયત કરવામાં આવેલ છે. જેમાં ભારત સરકારશ્રી દ્રારા એક યુનીટ દીઠ રૂ. **૧.૦૦** લાખ અને રાજય સરકરશ્રી દ્રારા રૂ. **૧.૦૦** લાખના શેરફાળા પ્રમાણે કોસ્ટ શેરીંગ જોગવાઇ અન્વયે સન **૨૦૨૧-૨૨**ના બજેટમાં રૂ. **૮૦૦.૦૦** લાખની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.

સને **૨૦૨૧-૨૨**માં રાજય સરકારના **૧૦૦%** ફાળાથી નગરપાલિકા તેમ જ મહાનગરપાલિકા વિસ્તારમાં આંગણવાડી કેંદ્રોના બાંધકામ માટે પ્રતિ આંગણવાડી દીઠ રૂ.**૭.૦૦** મુજબ કુલ **૧૫૦** "નંદઘર" ટાઇપ આંગણવાડી કેંદ્રોના બાંધકામ માટે રૂ.**૧૦૫૦.૦૦** લાખની જોગવાઇ નવી બાબત તરીકે કરવામાં આવેલ છે.

### ૮.૨ આંગણવાડી રીપેરીંગઃ-

ગુજરાત રાજયમાં કાર્યાન્વિત આંગણવાડીઓ જે પોતાના મકાનો ધરાવે છે તેના રીપેરીંગ માટે વર્ષ ૨૦૨૦-**૨૧**માં ભારત સરકારશ્રીની નવી ગાઇડલાઇન મુજબ મરામતના એક આંગણવાડીના રૂ. **૩૦૦૦/-** (ત્રણ હજાર) નકકી કરવામાં આવેલ છે. આ કોસ્ટના શેરીંગમાં ભારત સરકારના **૬૦** ટકા અને રાજય સરકારના **૪૦** ટકા શેર ફાળા પ્રમાણે કોસ્ટ શેરીંગ કરવાની જોગવાઇ છે. સન **૨૦૨૧-૨૨**ના વર્ષમાં કુલ **૪૪૪૮૦** આંગણવાડી કેંદ્રોના રીપેરીંગ માટે રૂ.**૧૩૩૪.૪૦** લાખની ચાલુ બાબતે જોગવાઇ સુચવવામાં આવેલ છે.

### ૮.૩ ઇડલી કુકર, સ્ટવ, ગેસ કનેકશન વગેરે સુવિધાઓ :-

સુપ્રીમ કોર્ટની સુચનાઓ મુજબ બાળકોને અને માતાઓને તાજો રાંધેલો ખોરાક દરરોજ પુરો પાડવાનો થાય છે અને આ સુવિધા વર્ષના **૩૦૦** દિવસ દરમ્યાન પ્રાપ્ત કરવાની છે. પુરક પોષણ તૈયાર કરવા માટે હાલ બળતણમાં લાકડા અથવા કેરોસીનનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ જો લાકડાં અને કેરોસીનના બદલે ગેસ કનેકશન આપવામાં આવે અને ગેસ અને કુકરથી જો રાંધવાની પ્રક્રિયા કરવામાં આવે તો બળતણ તેમજ રાંધવાના

સમયમાં કરકસર થાય એમ જણાયેલ છે. જે જગ્યા ઉપર પ્રાયોગિક ધોરણે ગેસ કનેકશનથી રાંધવાનું કામ કરવામાં આવે તો ૨૦% જેવો બળતણનો ખર્ચ બચત થયેલ તેમ જોવા મળેલ છે.

વર્ષ **૨૦૨૧-૨૨** માં આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશન, ગેસ સ્ટવ અને ઇડલીકુકર પુરા પાડવા માટે રૂ.**૧** લાખની ટોકન જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ **૫૩૦૨૯** મંજુર પૈકી કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રોમાં ગેસ રીફીલીંગ માટે આંગણવાડી કેન્દ્ર દીઠ રૂ.૮૦૦/- લેખે કુલ રૂા.**૧૨૮૭.૭૩/-** લાખ જેટલો ખર્ચ થવા સંભવ છે.

## ૮.૪ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના (ટોટલ સેનીટેશન) :-

સ્વચ્છતા મૂલ્યોને ધ્યાનમાં રાખીને આ અભિયાન હેઠળ આંગણવાડીના બાળકોમાં સ્વચ્છતાની ટેવો કેળવાય, બાળકોને સ્વચ્છ વાતાવરણ પુરૂ પડાય તથા જે ૮૦ ટકા રોગો ગંદકી અને પ્રદુષિત પાણીથી થાય છે. તેમાંથી મહદ અંશે બાળકોને રોગના ભોગ બનતા અટકાવી અને બચાવી શકાય. જીલ્લા ગ્રામ વિકાસ એજેન્સીની સહાયથી સ્વચ્છતા સંકુલ બનાવવામાં આવેલ છે. સ્વચ્છતા અભિગમ અંગે જરુરી તાલીમ અને સાધન સામગ્રી, લોક જાગૃતિ માટે શૌચાલયનો પ્રયોગ કરવા, સ્વચ્છ રાખવા માટે, આંગણવાડી કેન્દ્રોના તમામ કર્મચારીઓને જરૂરી તાલીમ અને સાધન સામગ્રી આપવામાં આવે છે. વર્ષ **૨૦૨૧-૨૨**માં કુલ **૧૦** આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી દીઠ રૂા.**૧૨,૦૦૦/-** લેખે રૂ.**૧.૨૦** લાખની બજેટ જોગવાઇ ચાલુ બાબતે કરવામાં આવેલ છે અને તેમાંથી ડોલ સાબુ, નેઇલકટર, ફીનાઇલ, સાવરણી, પાણી પીવાના ડોયા, પાણીની ગરણી વગેરે સાધન આપવામાં આવે છે. આમ નાના બાળકની નાનામાં નાની જરુરીયાતનો ખ્યાલ રાખી બાળકોમાં સ્વચ્છતાની સુટેવો પડે અને રોગોથી મુકત સ્વસ્થ બાળક રહે તેવા ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવેલ છે. તથા નવી ગાઇડ લાઇન મુજબ આંગણવાડી કેન્દ્રોમાં પાણીની સવલત માટે કુલ **૨૫૦૦** આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી દીઠ રૂા.**૧૦,૦૦૦/-** લેખે રૂ.**૨૫૦.૦૦** લાખની બજેટ જોગવાઇ ચાલુ બાબતે કરવામાં આવેલ છે.

## ૮.૫ આંગણવાડી અપગ્રેડેશન:

ગુજરાત રાજયમાં કાર્યાન્વિત આંગણવાડીઓ જે પોતાના મકાનો ધરાવે છે તેના અપગ્રેડેશન માટે વર્ષ ૨૦૨૦-**૨૧**માં ભારત સરકારની નવી ગાઇડલાઇન મુજબ એક આંગણવાડીના અપગ્રેડેશનના રૂ.**૨,૦૦,૦૦૦/-** (બે લાખ) નકકી કરવામાં આવેલ છે. આ કોસ્ટના શેરીંગમાં ભારત સરકારના **૬૦** ટકા અને રાજય સરકારના **૪૦** ટકા શેર ફાળા પ્રમાણે કોસ્ટ શેરીંગ કરવાની જોગવાઇ છે. સને ૨૦**૨૧-૨૨** ના વર્ષમાં કુલ **૧૫૦** આંગણવાડી કેન્દ્રોના મકાન અપગ્રેડેશન માટે રૂ.**૩૦૦.૦૦** લાખની ચાલુ બાબતે જોગવાઇ સુચવવામાં આવેલ છે.

## ૮.૬ આઇસીડીએસ તાલીમ કાર્યક્રમ :-

- વર્ષ **૨૦૨૧-૨૨** માં **૨૫૦** મુખ્ય સેવિકાઓ તથા **૩૯૨૦** આંગણવાડી કાર્યકર માટે જોબ તાલીમ અને **૪૨૦૦** તેડાગરો માટે ઓરીએન્ટેશન તાલીમ માટે કુલ રૂા.**૬૨૪.૨૬** લાખની બજેટ જોગવાઇ કેન્દ્ર તથા રાજય સરકારનાં **૬૦:૪૦**નાં પ્રમાણથી કરવામાં આવેલ છે.
- વર્ષ **૨૦૨૧-૨૨** માં **૨૫૦૦** તેડાગરોની રસોઇ તાલીમ માટે સ્ટેટ બર્ડનમાં રૂા.**૨૦.૮૫** લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજયમાંથી **૧૦૦** આંગણવાડી કાર્યકર બહેનો માટે ડો. બાબા સાહેબ આંબેડકર યુનિર્વસીટીમાં CCCD કોર્સ માટે સ્ટેટ બર્ડનમાં રૂા. **૧.૦૦** લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજયમાં **૬,૫૧૦** આંગણવાડી કાર્યકર બહેનોને શિશુ અને નાના બાળકોની ખોરાક પ્રથાની તાલીમ (IYCF) આપવા માટે રૂા.**૧૭૯.૫૩** લાખ રાજય સરકારનાં બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે.
- વર્ષ **૨૦૨૧-૨૨**માં **૧૦૫૦** મુખ્ય સેવિકાઓ, **૨૧૦૦૦** આંગણવાડી કાર્યકર તથા **૨૦૫૦૦** તેડાગરોને ઓનલાઇન રીફ્રેશર તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે રાજ્ય સરકારના બજેટમાં રૂ. ૯૭.૩૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- રાજય સરકાર દ્વારા રૂ.**૧૦૦૦.૦૦** લાખનું બજેટ વર્ષ **૨૦૨૧-૨૨** માટે આઇ.ઇ.સી. પ્રવૃતિઓ માટે મંજૂર કરવામાં આવેલ છે. આ બજેટ જોગવાઇનો ઉપયોગ લોકોમાં જનજાગૃતિ લાવવા,જીલ્લા તથા તાલુકા કક્ષા માટે આઇ.ઇ.સી. મટીરીયલ્સ પ્રિન્ટીગ તથા રાજ્યકક્ષાએ થી માસ મિડિયા, મીડ મિડિયા આઉટડોર મિડિયા અને ઇલેકટ્રોનિક મિડિયા મારફતે વિવિધ માધ્યમોથી પ્રચાર પ્રસાર કરવામાં આવશે.

  આઇસીડીએસ અને મહિલા અને બાળવિકાસ વિભાગ અંતર્ગત વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓની ઝલક અને તેનાં નિયમિત પ્રત્યાયન માટે 'સહિયર ગોષ્ઠી' માસિક સામાયિક પ્રકાશિત કરવામાં આવશે જેના માટે રાજ્યસરકારના બજેટમાં રૂ. **૧૫૮.૪૦** લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ૯. સ્કિમ ફોર એડોલસન્ટ ગર્લ્સ –(SAG):-

એપ્રિલ–**૨૦૧૮** થી રાજયના તમામ **૩૩** જીલ્લા અને **૬** કોર્પોરેશન વિસ્તારમાં **૧૧** થી **૧૪** વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે એસ.એ.જી યોજના અમલમાં છે. આ યોજના હેઠળ પોષણ અને બિન-પોષણ સેવાઓ આપવામાં આવે છે. પુરક પોષણ સેવામાં વાર્ષિક **૩૦૦** દિવસ માટે રૂ.**૯.૫/-** લેખે કિશોરીઓને પુરક પોષણ આપવામાં આવે છે, જેમાં ભારત સરકાર અને ગુજરાત સરકારનો ફાળો **૫૦:૫૦** મુજબ છે. બિન-પોષણ સેવામાં પ્રતિ આંગણવાડી દીઠ પ્રતિ ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણી માટે રૂ.**૬૦/-** લેખે જોગવાઇ કરવામાં આવે છે, જેમાં ભારત સરકાર અને ગુજરાત સરકારનો ફાળો **૬૦:૪૦** મુજબ છે. જેમાં જીવન કૌશલ્ય તાલીમ, આરોગ્ય તપાસ તેમજ જાહેર સ્થળોની મુલાકાત જેવી સેવાઓ આપવામાં આવે છે.

નાણાકીય વર્ષ **૨૦૨૧-૨૨** માં જનરલ સદર હેઠળ રૂ.**૧૪૬૧.૦૦** લાખ, એસ.સી.પી સદરે રૂ.**૧૦૮.૫૪** લાખ અને ટ્રાયબલ સદરે રૂ.**૭૩૯.૪૮** લાખ., આમ, "સ્કીમ ફોર એડોલસન્ટ ગર્લ્સ" હેઠળ કુલ રૂ.૨૩૦૯.૦૨ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

## ૧૦. પુર્ણા યોજના:-

એપ્રિલ–**૨૦૧૮** થી રાજયના તમામ **૩૩** જીલ્લા અને **૬** કોર્પોરેશન વિસ્તારમાં **૧૫ થી ૧૮** વર્ષની તમામ કિશોરીઓ (શાળા એ જતી તેમજ ન જતી) માટે પૂર્ણા યોજના અમલમાં છે. પૂર્ણા યોજના **૧૦૦%** રાજય પુરસ્કૃત યોજના છે. આ યોજના હેઠળ પોષણ અને બિન-પોષણ સેવાઓ આપવામાં આવે છે. પુરક પોષણ સેવામાં વાર્ષિક **૩૦૦** દિવસ માટે રૂ.૯.**૫/-** લેખે કિશોરીઓને પુરક પોષણ આપવામાં આવે છે. બિન-પોષણ સેવામાં પ્રતિ આંગણવાડી દીઠ પ્રતિ ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણી માટે રૂ.**૧૪૦/-** લેખે જોગવાઇ કરવામાં આવે છે, જે અંતર્ગત વ્યવસાયિક તાલીમ, જીવન કૌશલ્ય તાલીમ તેમજ જાહેર સ્થળોની મુલાકાત જેવી સેવાઓ આપવામાં આવે છે. પૂર્ણા યોજનાના યોગ્ય મોનીટરીંગ માટે પૂર્ણા માનવબળની ભરતી કરવામાં આવેલ છે.

નાણાકીય વર્ષ **૨૦૨૧-૨૨** માં જનરલ સદર "પૂર્ણા" યોજના હેઠળ કુલ રૂ.**૨૨૦૦૦.૦૦** લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

## ૧૧. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY):-

ભારત સરકાર દ્વારા યોજનાનું વિસ્તૃતિકરણ તા.**૦૧/૦૧/૨૦૧૭** ની અસરથી સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવેલ છે. યોજનાનો મુખ્ય હેતું પ્રથમ સગર્ભાવસ્થા અને જીવિત બાળજન્મ સમયે લાભાર્થી મહિલા પ્રસૂતિ પૂર્વે અને પ્રસૂતિ બાદ પૂરતા પ્રમાણમાં આરામ અને પોતાના સ્વાસ્થયની કાળજી લઇ શકે તે માટે તેની રોજગારીના નુકશાનનું રોકડ સહાયના સ્વરુપે અંશત: વળતર આપવાનો છે. આ રોકડ સહાયથી સગર્ભા/ધાત્રી મહિલાઓના આરોગ્યના સ્તરમાં સુધારો થશે. યોજનાનો લાભ મેળવવા માટે સગર્ભા/ધાત્રી માતાએ કેટલીક શરતો પુર્ણ કરવાની હોય છે. શરતો પુર્ણ કર્યેથી લાભાર્થી ને રૂ.**૫૦૦૦/-** ની સહાય ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવે છે. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના અમલીકરણ માટે નાણાંકીય વર્ષ:૨૦**૨૦-૨૧** માં રૂ.**૨૦૮૫.૮૨** લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

## ૧૨. માતા યશોદા એવોર્ડ

### આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની શ્રેષ્ઠ કામગીરી માટે "માતા યશોદા એવોર્ડ"

આંગણવાડી કાર્યકર અને તેડાગરની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવાના આશયથી માતા યશોદા એવોર્ડની યોજના રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. **૨૫/૭/૨૦૦૭** ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યરત આંગણવાડી કેન્દ્રો પરના માનદ કાર્યકર અને તેડાગર આ યોજનાના લાભાર્થી અને તંત્ર વચ્ચેની કડી છે. આ માનદ કાર્યકરોની સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા અને વધુ કાર્યદક્ષતાથી સેવાઓ પુરી પાડે તે માટે તેઓને પ્રોત્સાહન પુરુ પાડવાના આશયથી રાજ્ય સરકાર તરફથી માતા યશોદા એવોર્ડ આપવામાં આવે છે. તા.**૧૯/૦૮/૨૦૨૦** ના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ મુજબ માતા યશોદા એવોર્ડ અંતર્ગત મુખ્ય સેવિકાને રાજ્ય કક્ષાના એવોર્ડ માટે મુખ્ય સેવિકાને રૂ઼ા.**૬૧૦૦૦/-**-આંગણવાડી કાર્યકરને, રૂ઼ા.**૫૧૦૦૦/-** અને આંગણવાડી તેડાગરને, રૂ઼ા. **૩૧૦૦૦/-** જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાના એવોર્ડ માટે મુખ્ય સેવિકાને, રૂ઼ા.**૪૧૦૦૦/-** આંગણવાડી કાર્યકરને, રૂ઼ા.**૩૧૦૦૦/-** અને આંગણવાડી તેડાગરને રૂ઼ા.**૨૧૦૦૦/-** તેમજ જિલ્લા/મહાનગરપાલિકાના ઘટક કક્ષાના એવોર્ડ માટે આંગણવાડી કાર્યકરને, રૂ઼ા.**૨૧૦૦૦/-** અને આંગણવાડી તેડાગરને, રૂ઼ા.**૧૧૦૦૦/-** આપવામાં આવે છે. અને પાત્રતા ધરાવવા અંગેના નિયત માપદંડો નીચે મુજબ છે.

**<u>માતા યશોદા એવાર્ડ માટે કામગીરીના માપ દંડો</u>**

- ❖ આંગણવાડી કેન્દ્રના લાભાર્થીઓની નોંધણી
- ❖ પુરક પોષણ હેઠળ આવરી લેવામાં આવેલ લાભાર્થી
- ❖ લાભાર્થીઓને આપવામાં આવેલ આરોગ્ય સબંધિત સેવાઓ
- ❖ ગ્રોથ મોનીટરીંગ
- ❖ રેકર્ડ રજીસ્ટર તેમજ અન્ય ખાધ્ય સામગ્રીની જાળવણી
- ❖ આંગણવાડી કેન્દ્રમાં લાભાર્થીઓને અનુરૂપ મહત્વના દિવસ અને સપ્તાહની ઉજાવણી
- ❖ લોક સહકાર
- ❖ આઇ.સી.ડી.એસ.ને સબંધિત અન્ય યોજનાઓના અમલીકરણ બાબત
- ❖ પૂર્વ પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમનું મુલાકાત દરમ્યાન મોનીટરીંગ તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણ કીટના ઉપયોગ અંગે મુલાકાત દરમ્યાન માર્ગદર્શન
- ❖ **ICDS(CAS)** અંતર્ગત **૧૦** રજીસ્ટર અંગેની સૂચવ્યા મુજબ દૈનિક કામગીરી

ઉપરોકત એવોર્ડ જુદી જુદી કક્ષાએ નકકી કરેલ જુદી જુદી કમિટિઓ દ્વારા નકકી કરી આપવામાં આવે છે. આ માટે ચાલુ વર્ષ **૨૦૨૧-૨૨** ના બજેટ અંદાજમાં રૂ.**૧૯૬.૫૧/-** લાખની જોગવાઇ ચાલુ બાબત તરીકે સૂચવવામાં આવેલ છે.

## <u>૧૩. માતા યશોદા ગૌરવનિધિ</u>

માતા યશોદા ગૌરવનિધિ વિમા યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકરો તથા તેડાગર બહેનોને વિમા કવચ પુરૂ પાડવાના હેતુથી રૂ.**૫૦/-** નો ફાળો રાજ્ય સરકાર અને બાકીના રૂ.**૫૦/-**નો ફાળો વિમા પોલીસી ધારક આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોએ ચૂકવવાનો રહે છે. આમ માસિક રૂ.**૧૦૦/-** ના પ્રિમિયમ પૈકી રૂ.**૧૭/-** ની રકમ વિમા પેટે તથા બાકી રહેતી રૂ.૮૩/- ની રકમ વિમા ધારકની બચત તરીકે જમા થાય છે. વિમા ધારક વય નિવૃત્ત થાય ત્યારે તેના ખાતે તેની થયેલ બચત રકમ વ્યાજ સહિત મળવાપાત્ર થાય છે. જો વિમા ધારક વય નિવૃત્ત પહેલાં અવસાન પામે તો રૂ.**૫૦,૦૦૦/-** અને બચત રકમ વ્યાજ સહિત આપવામાં આવે છે. વર્ષ:**૨૦૨૧-૨૨** ના બજેટ અંદાજમાં રૂ.**૬૨૫.૫૫/-** લાખની ચાલુ બાબત તરીકે જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

## <u>૧૪. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર</u>

મહિલા અને બાળ વિકાસ વિભાગની સંચાર પ્રણાલી (**communication system**)ને તમામ સ્તરે મજબૂત બનાવવી, યોજનાના મોનીટરીંગમાં સુધારો, ક્ષેત્રીય કર્મીઓના ફીડબેક આધારીત વ્યવસ્થા ગોઠવવી, આઇસીડીએસ સેવાઓ વિશે લાભાર્થીઓ અને ત્યારબાદ દરેક સ્તરે સુધારાત્મક પગલાં લેવા અને આઇસીડીએસ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં ગુણાત્મક સુધારણા આવે તે ઉદ્દેશ્યથી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે એક સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર (**SMC**) બનાવવામાં આવેલ છે તેમજ માન.મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્યના વરદ હસ્તે તા.**૭** ઓકટોબર **૨૦૧૯**ના રોજ તેનું શુભારંભ કરવામાં આવેલ છે.

સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત **૧૬** ડેસ્ક ઓપરેટર (કોલ સેન્ટર એકઝેક્યુટિવ) લેવામાં આવેલ છે જે તમામ જીલ્લાઓના પ્રોગ્રામ ઓફિસરશ્રી, બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકર/તેડાગર અને આઇસીડીએસના લાભાર્થીઓ સાથે સંવાદ કરે છે. તેમના દ્વારા વિવિધ યોજનાઓનું સઘન મોનીટરીંગ કરવામાં આવે છે જેની સીધી અસર યોજનાઓના અમલીકરણમાં થાય છે. અત્યાર સુધીમાં (શરૂ થયાથી જાન્યુઆરી અંતતિ) અંદાજિત કુલ **૩.૬૬** લાખ કોલ કરવામાં આવ્યા છે.

## <u>૧૫. પોષણ ત્રિવેણી પ્રોત્સાહક પુરસ્કાર</u>

"ગુજરાત પોષણ અભિયાન-**૨૦૨૦**" માન.મુખ્યમંત્રીશ્રીએ કુપોષણ હટાવવા અન્વયે આંગણવાડી કાર્યકર, આંગણવાડી તેડાગર, આશા વર્કર, ANM ને પ્રોત્સાહિત કરવા માટે પુરસ્કાર આપવાની જાહેરાત કરેલ. આ પુરસ્કાર યોજનામાં AAA(Anganwadi worker/Helper, ASHA & ANM)ને પ્રોત્સાહિત કરવા આંગણવાડી વર્કરને રૂ.**૧૨,૦૦૦/-**, આંગણવાડી તેડાગરને રૂ.**૬,૦૦૦/-**, આશા વર્કરને રૂ.**૧૨,૦૦૦/-**, એ.એન.એમ. ને પણ રૂ.**૧૨,૦૦૦/-**, તેઓના નિયંત્રણ હેઠળની આંગણવાડીઓમાં **૧૦૦%** સુપોષિત આંગણવાડીની સિધ્ધિ હાંસલ કરે તો વર્ષ દરમ્યાન આ પુરસ્કાર આપવામાં આવશે. જે અંગે વર્ષ:**૨૦૨૧-૨૨** માં રૂ**૭૫૦** લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

# <u>વાર્ષિક યોજના - ૨૦૨૧-૨૨</u>

(રૂ. લાખમાં)

| ક્રમ | યોજના નંબર (૬ અંકમાં) | માંગણી નંબર/ મુખ્ય સદર/ પેટા સદર/ ગૌણ સદર/ પેટા સદર/એન.ટી.આર. | વાર્ષિક યોજના ૨૦૨૧-૨૨ (જોગવાઇ) | | |
|---|---|---|---|---|---|
| | | | કુલ | ચાલુ બાબત | નવી બાબત |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧૧૭૯૮૫ | ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૨ NTR-2<br>આઇ.સી.ડી.એસ. સામાન્ય | ૬૩૬૭૯.૭૧ | ૬૨૭૨૦.૪૭ | ૯૫૯.૨૪ |
| ૨ | ૧૨૭૯૮૬ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૨ NTR-2<br>આઇ.સી.ડી.એસ. ટ્રાઇબલ (ટી.એસ.પી) | ૩૯૫૪૫.૭૦ | ૩૯૫૪૫.૭૦ | ૦.૦૦ |
| ૩ | ૧૩૭૯૮૭ | ૯૫-૨૨૩૫-૦૨-૮૦૦-૦૧ NTR-3<br>ખાસ અંગભૂત યોજના | ૫૨૬૬.૨૪ | ૫૨૬૬.૨૪ | ૦.૦૦ |
| ૪ | ૧૧૭૯૮૯ | ૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૧ NTR-5<br>મનરેગા હેઠળ બાંધકામ | ૧૮૫૦.૦૦ | ૦.૦૦ | ૧૮૫૦.૦૦ |
| ૫ | ૩૬૫૬૫૬ | ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૧ NTR-6<br>પૂર્ણા યોજના | ૨૨૯૪૮.૦૦ | ૨૨૦૦૦.૦૦ | ૯૪૮.૦૦ |
| ૬ | ૧૧૭૯૯૪ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૧ NTR-10<br>આંગણવાડી કાર્યકરો અને તેડાગરને વધારાની સગવડો | ૩૯૬૯૯.૦૦ | ૩૯૬૮૯.૦૦ | ૧૦.૦૦ |
| ૭ | ૧૧૭૯૯૫ | ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૨ NTR-11<br>માતા યશોદા એવોર્ડ | ૧૯૬.૫૧ | ૧૯૬.૫૧ | ૦.૦૦ |
| ૮ | ૧૧૭૯૮૯ | ૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૩ NTR-9<br>આંગણવાડીના મકાનનું રીપેરીંગ | ૧૮૮૫.૬૦ | ૧૮૮૫.૬૦ | ૦.00 |
| ૯ | ૧૧૫૬૫૧ | ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૩ NTR-12<br>સંકલિત બાળ વિકાસ યોજનાનું સશક્તિકરણ | ૨૦૧૧.૮૮ | ૨૦૧૧.૮૮ | ૦.૦૦ |
| ૧૦ | ૧૧૫૬૫૨ | ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૪ NTR-13<br>સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) જનરલ | ૧૪૬૧.૦૦ | ૧૪૬૧.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | ૧૧૫૬૫૨ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૯ NTR-13<br>સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) ટ્રાઈબલ | ૭૩૯.૪૮ | ૭૩૯.૪૮ | ૦.૦૦ |
| ૧૨ | ૧૧૫૬૫૨ | ૯૫-૨૨૩૫-૦૨-૮૦૦-૦૨ NTR-13<br>સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) એસ.સી.પી | ૧૦૮.૫૪ | ૧૦૮.૫૪ | ૦.૦૦ |
| ૧૩ | ૧૬૫૬૫૮ | ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૬ NTR-19<br>પોષણ સર્વે અને સર્વેલન્સ સીસ્ટમ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૦.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧૪** | **૧૬૫૬૬૦** | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૮ NTR-21**<br>ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને બાયોમેટ્રીક મશીન | **૧૦૨૧.૪૫** | **૧૦૦૦.૦૦** | **૨૧.૪૫** |
| **૧૫** | **૧૧૫૬૫૨** | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૯**<br>મિશન બલમ સુખમ-આઇસીડીએસ મિશન | **૭૬૯૭.૪૨** | **૭૧૮૫.૦૦** | **૫૧૨.૪૨** |
| **૧૬** | **૧૧૫૬૬૧** | **૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૪ NTR-22**<br>બ્લોક ઓફિસનું બાંધકામ રીપેરીંગ અને અપગ્રેડેશન | **૩૭૦.૦૦** | **૩૭૦.૦૦** | **૦૦.૦૦** |
| **૧૭** | **૫૧૫૬૫૭** | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૧ NTR-18**<br>સંકલિત બાળ વિકાસ યોજના જનરલ (મકાનભાડુ, તાલીમ.આઇ.સી,માનદ વેતન,ગણવેશ સાડી | **૪૯૦૨૩.૬૨** | **૪૮૯૬૮.૬૨** | **૫૫.૦૦** |
| **૧૮** | **૧૧૫૬૫૨** | **૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૧ NTR-16**<br>સંકલિત બાળ વિકાસ યોજના ટ્રાઈબલ, માનદ વેતન,ગણવેશ સાડી | **૧૪૪૪૭.૯૫** | **૧૪૪૪૭.૯૫** | **૦.૦૦** |
| **૧૯** | | **૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૨**<br>નેશનલ ન્યુટ્રીશન મિશન | **૧૩૧૧૦.૯૩** | **૧૩૧૧૦.૯૩** | **૦.00** |
| **૨૦** | | **૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૨-૦૨**<br>રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડીયાઘર યોજના | **૧૨૧.૪૭** | **૧૨૧.૪૭** | **૦.૦૦** |
| **૨૧** | | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૩**<br>સંકલિત બાળ વિકાસ યોજના તાલીમ કાર્યક્રમ(ઉડિશા યોજના) (વિશ્વ બેંક સહાયિત) | **૦.૧૦** | **૦.૧૦** | **૦.૦૦** |
| | | **કુલ** | **૨૬૫૨૩૪.૬૦** | **૨૬૦૮૭૮.૪૯** | **૪૩૫૬.૧૧** |

<u>ભાગ – ૩</u>
<u>પત્રક – ક.</u>
<u>કાર્યક્રમ અને પ્રવૃત્તિનુ વર્ગીકરણ</u>
<u>વર્ષ ૨૦૨૦-૨૧ મુખ્ય સદર ૨૨૩૬ પોષણ ખર્ચ દર્શાવતુ પત્રક</u>

(રૂ. લાખમાં)

| ક્રમ | માંગણી નંબર/પેટા સદરનું નામ/ ગૌણ સદર | ૨૦૨૦-૨૧ નો ખર્ચ (૧૫ જાન્યુઆરી'૨૦૨૧) | | |
|---|---|---|---|---|
| | | મહેસુલ | મુડી | કુલ |
| ૧ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૨ NTR-2**<br>આઇ.સી.ડી.એસ. જનરલ | ૪૯૪૯૩.૯૩ | ૦.૦૦ | ૪૯૪૯૩.૯૩ |
| ૨ | **૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૨ NTR-2**<br>સંકલિત બાળ વિકાસ યોજના<br>આઇ.સી.ડી.એસ. ટ્રાયબલ | ૨૪૯૩૯.૬૫ | ૦.૦૦ | ૨૪૯૩૯.૬૫ |
| ૩ | **૯૫-૨૨૩૫-૦૨-૮૦૦-૦૧ NTR-3**<br>આઇ.સી.ડી.એસ એસ.સી.પી. | ૫૬૮૧.૪૫ | ૦.૦૦ | ૫૬૮૧.૪૫ |
| ૪ | **૯૫-૨૨૩૫-૦૨-૮૦૦-૦૨ NTR-13**<br>**૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૯ NTR-13**<br>**૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૪ NTR-13**<br>કિશોરી બાળાઓના સશક્તિતકરણ માટેની સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) | ૨૯૪૦.૮૮ | ૦.૦૦ | ૨૯૪૦.૮૮ |
| ૫ | **૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૧ NTR-10**<br>આંગણવાડી કાર્યકર અને તેડાગરને વધારાની સવલતો | ૨૬૪૫૧.૪૫ | ૦.૦૦ | ૨૬૪૫૧.૪૫ |
| ૬ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૨ NTR-**<br>માતા યશોદા એવોર્ડ | ૧૭૩.૧૧ | ૦.૦૦ | ૧૭૩.૧૧ |
| ૭ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૩ NTR-12**<br>સંકલિત બાળ વિકાસ યોજનાનું સશકિતકરણ | ૧૩૨૩.૬૯ | ૦.૦૦ | ૧૩૨૩.૬૯ |
| ૮ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૫ NTR-15**<br>**PMMVY** | ૪૪૧.૭૬ | ૦.૦૦ | ૪૪૧.૭૬ |
| ૯ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૧ NTR-11**<br>પૂર્ણા યોજના | ૧૨૮૪૧.૬૫ | ૦.૦૦ | ૧૨૮૪૧.૬૫ |
| ૧૦ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૬ NTR-19**<br>પોષણ સર્વે અને સર્વેલન્સ સીસ્ટમ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૮ NTR-21**<br>આઇ.ટી. અને બાયોમેટ્રીક ઈન્ફ્રાસ્ટ્રકચર | ૧૧૦.૬૬ | ૦.૦૦ | ૧૧૦.૬૬ |
| ૧૨ | **૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૧ NTR-5**<br>આંગણવાડી બાંધકામ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | **૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૩ NTR-9**<br>આંગણવાડી રીપેરીંગ | ૦ | ૨૭૯.૮૨ | ૨૭૯.૮૨ |
| ૧૪ | **૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૪ NTR-22** ઘટક કચેરીના મકાનોનું બાંધકામ, સુધારા વધારા અને સમારકામ | ૦ | ૧૪૩.૫૮ | ૧૪૩.૫૮ |
| ૧૫ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૧ NTR-18**<br>સંકલિત બાળ વિકાસ યોજના<br>આઇસીડીએસ પગાર અને ભથ્થાં, સ્ટેનો | ૩૬૯૭૧.૪૭ | ૦ | ૩૬૯૭૧.૪૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | પગાર | | | |
| **૧૬** | **૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૧ NTR-16**<br>સંકલિત બાળ વિકાસ યોજના આઇ.સી.ડી.એસ. ટ્રાયબલ પગારભથ્થા | **૯૨૭૦.૩૦** | **૦** | **૯૨૭૦.૩૦** |
| **૧૭** | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૯**<br>મિશન બલમ સુખમ આઇ.સી.ડી.એસ. મિશન, ડેટા ઓપરેટર પગાર | **૧૦૮૭.૧૬** | **૦** | **૧૦૮૭.૧૬** |
| **૧૮** | **૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૨-૦૨**<br>રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડીયાઘર યોજના | **૩૭.૪૭** | **૦** | **૩૭.૪૭** |
| **૧૯** | **૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૨**<br>નેશનલ ન્યુટ્રીશન મિશન | **૬૯૧૩.૧૧** | **૦** | **૬૯૧૩.૧૧** |
| **કુલ** | | **૧૭૮૬૭૭.૭૪** | **૪૨૩.૪** | **૧૭૯૧૦૧.૧૪** |

## ભાગ – ૩
## પત્રક – ક
## કાર્યક્રમ અને પ્રવૃત્તિનું વર્ગીકરણ
## નાણાકીય જરૂરીયાત દર્શાવતુ પત્રક
## વર્ષ ૨૦૨૦-૨૧ મુખ્ય સદર ૨૨૩૬ પોષણ

(રૂ. લાખમાં)

| ક્રમ | પેટા સદરનું નામ/ ગૌણ સદર/ માંગણી નંબર | ૨૦૨૦-૨૧ની ચાલુ બાબત સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૧ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૨** એન.ટી.આર.-**૨**<br>આઇ.સી.ડી.એસ. સામાન્ય | ૮૨૯૨૨.૫૭ |
| ૨ | **૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૨** એન.ટી.આર.-**૨**<br>આઇ.સી.ડી.એસ., ટ્રાઇબલ, (ટી.એસ.પી) | ૩૭૧૦૮.૩૦ |
| ૩ | **૯૫-૨૨૩૫-૦૨-૮૦૦-૦૧** એન.ટી.આર.-૩<br>ખાસ અંગભૂત યોજના | ૮૩૭૭.૫૦ |
| ૪ | **૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૨-૦૨**<br>રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડીયાઘર યોજના | ૬૪.૪૬ |
| ૫ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૩**<br>સંકલિત બાળ વિકાસ યોજના તાલીમ કાર્યક્રમ(ઉડિશા યોજના) (વિશ્વ બેંક સહાયિત) અનટાઇડ ફંડ | 0.00 |
| ૬ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૧** એન.ટી.આર.-**૬**<br>પૂર્ણા યોજના | ૧૮૦૮૨.૩૩ |
| ૭ | **૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૧** એન.ટી.આર.-**૧૦**<br>આંગણવાડી કાર્યકરો અને તેડાગરને વધારાની સગવડો | ૩૭૦૭૦.૮૮ |
| ૮ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૨** એન.ટી.આર.-**૧૧**<br>માતા યશોદા એવોર્ડ | ૨૧૪.૪૪ |
| ૯ | **૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૩** એન.ટી.આર.-૯<br>આંગણવાડીના મકાનનું રીપેરીંગ | ૧૧૩૩.૮૨ |
| ૧૦ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૩** એન.ટી.આર.-**૧૨**<br>સંકલિત બાળ વિકાસ યોજનાનું સશક્તિકરણ | ૧૪૩૬.૦૮ |
| ૧૧ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૪** એન.ટી.આર.-**૧૩**<br>સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) જનરલ | ૨૨૦૭.૯૯ |
| ૧૨ | **૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૯** એન.ટી.આર.-**૧૩**<br>સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) ટ્રાઇબલ | ૭૪૧.૧૮ |
| ૧૩ | **૯૫-૨૨૩૫-૦૨-૮૦૦-૦૨** એન.ટી.આર.-**૧૩**<br>સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) એસ.સી.પી | ૧૩૪.૬૬ |
| ૧૪ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૫** એન.ટી.આર.-**૧૫**<br>પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના(પીએમએમવીવાય) | ૪૪૧.૭૬ |
| ૧૫ | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૬** એન.ટી.આર.-**૧૯**<br>પોષણ સર્વે અને સર્વેલન્સ સીસ્ટમ | ૦.૦૦ |

| | | |
|---|---|---|
| **૧૬** | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૮** એન.ટી.આર.-**૨૧**<br>આઇટી & બાયોમેટ્રીક મશીન | **૨૮૩.૯૭** |
| **૧૭** | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૯** એન.ટી.આર.-**૨૦**<br>મિશન બલમ સુખમ-આઇસીડીએસ મિશન | **૪૧૦૫.૩૩** |
| **૧૮** | **૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૪** એન.ટી.આર.-**૨૨**<br>બ્લોકઓફિસનું બાંધકામ રીપેરીંગ અને અપગ્રેડેશન | **૩૩૦.૦૦** |
| **૧૯** | **૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૧** એન.ટી.આર.-**૧૮**<br>સંકલિત બાળ વિકાસ યોજના જનરલ, જિલ્લા તથા ઘટકનુ આઇ.ઇ.સી. | **૫૭૩૪૯.૭૫** |
| **૨૦** | **૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૧** એન.ટી.આર.-**૧૬**<br>સંકલિત બાળ વિકાસ યોજના ટ્રાઇબલ | **૧૫૧૦૮.૪૨** |
| **૨૧** | **૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૨**<br>નેશનલ ન્યુટ્રીશન મિશન | **૭૭૬૫.૧૭** |
| **૨૨** | **૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૧** એન.ટી.આર.-**૫**<br>આંગણવાડી કેંદ્રોનું બાંધકામ | **૦૦.૦૦** |
| | **કુલ** | **૨૭૪૮૭૮.૬૧** |

## આઈ.સી.ડી.એસ. નવી બાબત ૨૦૨૧-૨૨ (રૂ.લાખમાં)

| | | |
|---|---|---|
| ૧ | નાયબ નિયામક વર્ગ-૧ ની નવી જગ્યા | ૧૦.૦૦ |
| ૨ | અર્બન વિસ્તારમાં આંગણવાડી બાંધકામ | ૧૦૫૦.૦૦ |
| ૩ | મનરેગા હેઠળ આંગણવાડીના નવા મકાન બાંધકામ | ૮૦૦.૦૦ |
| ૪ | ૪૦ જિલ્લા/ મહાનગરપાલીકાની પી.ઓ. કચેરી માટે ૪૦ પટાવાળાની જગ્યા | ૫૫.૦૦ |
| ૫ | આંગણવાડીમાં આવતા બાળકોના સર્વાંગી વિકાસ અને બાલવાટીકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે પ્રોજેક્ટ “પા પા પગલી” | ૫૧૨.૪૨ |
| ૬ | પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ-આઇ.ટી. સેલ બનાવવા માટે | ૨૧.૪૫ |
| ૭ | ટેક હોમ રાશન (THR)માં મુલ્ય વર્ધન | ૯૪૯.૨૪ |
| ૮ | આદિજાતિ જિલ્લાઓમાં ફોર્ટીફાઇડ ચોખા આપવા બાબત | ૧૦.૦૦ |
| ૯ | પૂર્ણા શક્તિ યોજના અંતર્ગત ટેક હોમ રેશનના ઉત્પાદન માટે બજાર ભાવે ઘઉં ખરીદી બાબત | ૯૪૮.૦૦ |
| | કુલ | ૪૩૫૬.૧૧ |

| યોજનાવાર વર્ગીકરણ (રૂ. લાખમાં) | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | માંગણી નંબર, મુખ્ય સદર પેટા મુખ્ય સદર, પેટાસદરનું નામ ગૌણસદર, પેટા સદર અને એન.ટી.આર | ૨૦૧૯-૨૦૨૦ ના ખરેખર ખર્ચના આંકડા | | | ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષનો અંદાજ | | | ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષનો સુધારેલ અંદાજ | | | ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષનો અંદાજ | | | |
| | | મહેસુલ | મુડી | સરવાળો | મહેસુલ | મુડી | સરવાળો | મહેસુલ | મુડી | સરવાળો | મહેસુલ | મુડી | સરવાળો | |
| ૧ | માંગણી નંબર :- ૯૫<br>મુખ્ય સદર :- **૨૨૩૫**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાધ અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૦૧**<br>એન.ટી.આર. - **૩**<br>એસ.એન.પી. | ૪૩૩૫.૮૪ | ૦.૦૦ | ૪૩૩૫.૮૪ | ૬૩૭૨.૦૦ | ૦.૦૦ | ૬૩૭૨.૦૦ | ૮૩૭૭.૫૦ | ૦.૦૦ | ૮૩૭૭.૫૦ | ૫૨૬૬.૨૪ | ૦.૦૦ | ૫૨૬૬.૨૪ | |
| ૨ | માંગણી નંબર :- ૯૫<br>મુખ્ય સદર :- **૨૨૩૫**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાધ અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૦૨**<br>એન.ટી.આર. – **૧૩**<br>સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) | ૨૩૭.૮૪ | ૦.૦૦ | ૨૩૭.૮૪ | ૧૯૭.૪૦ | ૦.૦૦ | ૧૯૭.૪૦ | ૧૩૪.૬૬ | ૦.૦૦ | ૧૩૪.૬૬ | ૧૦૮.૫૪ | ૦.૦૦ | ૧૦૮.૫૪ | |
| **કુલ (૧ થી ૨) :- અ** | | ૪૫૭૩.૬૮ | ૦.૦૦ | ૪૫૭૩.૬૮ | ૬૫૬૯.૪0 | 0.00 | ૬૫૬૯.૪0 | ૮૫૧૨.૧૬ | 0.00 | ૮૫૧૨.૧૬ | ૫૩૭૪.૭૮ | 0.00 | ૫૩૭૪.૭૮ | |
| ૩ | માંગણી નંબર:- **૧૦૬**<br>મુખ્ય સદર :- ૪૨૩૬<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાધ અને પીણાની વહેંચણી | ૦.૦૦ | ૪૮૭૨.૨૭ | ૪૮૭૨.૨૭ | ૦.૦૦ | ૭૫૦૦.૦૦ | ૭૫૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૦૧**<br>એન.ટી.આર. - **૫**<br>કન્સટ્રકશન ઓફ નંદઘર<br>(આંગણવાડી) | | | | | | | | | | | | |
| ૪ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૦૨**<br>એન.ટી.આર. – **૨**<br>સંકલિત બાળવિકાસ યોજના<br>જનરલ | ૪૯૩૯૯.૯૨ | ૦.૦૦ | ૪૯૩૯૯.૯૨ | ૫૨૧૧૧.૨૫ | ૦.૦૦ | ૫૨૧૧૧.૨૫ | ૮૩૦૨૭.૫૭ | ૦.૦૦ | ૮૨૯૨૨.૫૭ | ૬૨૭૨૦.૪૭ | ૦.૦૦ | ૬૨૭૨૦.૪૭ |
| ૫ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૧૨**<br>એન.ટી.આર. – **૧૧**<br>માતા યશોદા એવોર્ડ | ૨૦૧.૦૩ | ૦.૦૦ | ૨૦૧.૦૩ | ૨૧૪.૪૪ | ૦.૦૦ | ૨૧૪.૪૪ | ૨૧૪.૪૪ | ૦.૦૦ | ૨૧૪.૪૪ | ૧૯૬.૫૧ | ૦.૦૦ | ૧૯૬.૫૧ |
| ૬ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણ<br>ગૌણ સદર :- **૧૦૧**<br>પેટા સદર :- **૦૧**<br>એન.ટી.આર.-**૧૦**<br>ખાસ પોષણકાર્યક્રમ એસ.એન.પી/<br>આંગણવાડી વર્કર-હેલ્પરને<br>વધારાની સવલતો | ૨૬૬૫૪.૯૬ | ૦.૦૦ | ૨૬૬૫૪.૯૬ | ૨૬૯૯૦.૦૩ | ૦.૦૦ | ૨૬૯૯૦.૦૩ | ૩૭૦૭૦.૮૮ | ૦.૦૦ | ૩૭૦૭૦.૮૮ | ૩૯૬૮૯.૦૦ | ૦.૦૦ | ૩૯૬૮૯.૦૦ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- **૮૦૦**<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૦૧**<br>એન.ટી.આર.- **૧૮**<br>સંકલિત બાળવિકાસ યોજના<br>જનરલ | ૫૦૬૦૯.૮૯ | ૦.૦૦ | ૫૦૬૦૯.૮૯ | ૫૫૧૦૮.૭૫ | ૦.૦૦ | ૫૫૧૦૮.૭૫ | ૫૭૩૪૯.૭૫ | ૦.૦૦ | ૫૭૩૪૯.૭૫ | ૪૮૯૬૮.૬૨ | ૦.૦૦ | ૪૮૯૬૮.૬૨ |
| ૮ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- **૮૦૦**<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૧૧**<br>એન.ટી.આર. :- **૬**<br>પૂર્ણા યોજના | ૮૯૪૩.૭૨ | ૦.૦૦ | ૮૯૪૩.૭૨ | ૧૪૦૩૭.૦૯ | ૦.૦૦ | ૧૪૦૩૭.૦૯ | ૧૮૦૮૨.૩૩ | ૦.૦૦ | ૧૮૦૮૨.૩૩ | ૨૨૦૦૦.૦૦ | ૦.૦૦ | ૨૨૦૦૦.૦૦ |
| ૯ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૪૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- **૮૦૦**<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૦૩**<br>એન.ટી.આર.- **૯**<br>નંદઘર (આંગણવાડી) રીપેરીંગ | ૦.૦૦ | ૨૬૨૩.૨૫ | ૨૬૨૩.૨૫ | ૦.૦૦ | ૧૨૯૪.૫૯ | ૧૨૯૪.૫૯ | ૦.૦૦ | ૧૧૩૩.૮૨ | ૧૧૩૩.૮૨ | ૦.૦૦ | ૧૮૮૫.૬૦ | ૧૮૮૫.૬૦ |
| ૧૦ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૪૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- **૮૦૦**<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૦૪**<br>એન.ટી.આર.- **૨૨**<br>બ્લોકઓફિસનું બાંધકામ<br>રીપેરીંગઅને અપગ્રેડેશન | ૦.૦૦ | ૧૪૦.૦૦ | ૧૪૦.૦૦ | ૦.૦૦ | ૩૩૦.૦૦ | ૩૩૦.૦૦ | ૦.૦૦ | ૩૩૦.૦૦ | ૩૩૦.૦૦ | ૦.૦૦ | ૩૭૦.૦૦ | ૩૭૦.૦૦ |
| ૧૧ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદરઃ **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- **૮૦૦** | ૧૯૩૩.૧૫ | ૦.૦૦ | ૧૯૩૩.૧૫ | ૧૯૩૪.૧૫ | ૦.૦૦ | ૧૯૩૪.૧૫ | ૧૪૩૬.૦૮ | ૦.૦૦ | ૧૪૩૬.૦૮ | ૨૦૧૧.૮૮ | ૦.૦૦ | ૨૦૧૧.૮૮ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અન્ય ખર્ચ પેટા સદર :- **૧૩**<br>એન.ટી.આર.- **૧૨**<br>સંકલિત બાળ વિકાસ યોજનાનું સશક્તિકરણ | | | | | | | | | | | | |
| **૧૨** | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **15**<br>એન.ટી.આર.- **૧૫**<br>પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (પીએમએમવીવાય) | **૪૯૯.૩૪** | **૦.૦૦** | **૪૯૯.૩૪** | **૨૦૮૫.૮૨** | **૦.૦૦** | **૨૦૮૫.૮૨** | **૪૪૧.૭૬** | **૦.૦૦** | **૪૪૧.૭૬** | **૦.૦૦** | **૦.૦૦** | **૦.૦૦** |
| **૧૩** | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૧૪**<br>એન.ટી.આર.- **૧૩** સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) | **૨૫૪૯.૦૮** | **૦.૦૦** | **૨૫૪૯.૦૮** | **૨૬૨૨.૧૭** | **૦.૦૦** | **૨૬૨૨.૧૭** | **૨૨૦૭.૯૯** | **૦.૦૦** | **૨૨૦૭.૯૯** | **૧૪૬૧.૦૦** | **૦.૦૦** | **૧૪૬૧.૦૦** |
| **૧૪** | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૧૬**<br>એન.ટી.આર.- **૧૯**<br>પોષણ સર્વે અને સર્વેલન્સ | **૦.૦૦** | **૦.૦૦** | **૦.૦૦** | **૨૦૦.૦૦** | **૦.૦૦** | **૨૦૦.૦૦** | **૦.૦૦** | **૦.૦૦** | **૦.૦૦** | **૫૦.૦૦** | **૦.૦૦** | **૫૦.૦૦** |
| **૧૫** | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- **૧૮**<br>એન.ટી.આર.- **૨૧**<br>ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને બાયોમેટ્રીક ઈન્ફ્રાસ્ટ્રકચર | **૧૪૭.૬૮** | **૦.૦૦** | **૧૪૭.૬૮** | **૧૦૨૩.૭૬** | **૦.૦૦** | **૧૦૨૩.૭૬** | **૨૮૩.૯૭** | **૦.૦૦** | **૨૮૩.૯૭** | **૧૦૦૦.૦૦** | **૦.૦૦** | **૧૦૦૦.૦૦** |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- ૮૦૦<br>અન્ય ખર્ચ પેટા સદર :- ૧૯<br>એન.ટી.આર.- ૨૦<br>મિશન બલમ સુખમ-<br>આઇસીડીએસ સોસાયટી, મેગેઝીન | ૨૫૩૭.૩૮ | ૦.૦૦ | ૨૫૩૭.૩૮ | ૮૫૭૮.૮૩ | ૦.૦૦ | ૮૫૭૮.૮૩ | ૪૧૦૫.૩૩ | ૦.૦૦ | ૪૧૦૫.૩૩ | ૭૧૮૫.૦૦ | ૦.૦૦ | ૭૧૮૫.૦૦ |
| ૧૭ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૫**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>ગૌણ સદર :- **૧૦૨**<br>સદર :- **૦૨**<br>રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડીયાઘર<br>યોજના | ૩૭.૫૪ | ૦.૦૦ | ૩૭.૫૪ | ૧૨૯.૭૭ | ૦.૦૦ | ૧૨૯.૭૭ | ૬૪.૪૬ | ૦.૦૦ | ૬૪.૪૬ | ૧૨૧.૪૭ | ૦.૦૦ | ૧૨૧.૪૭ |
| ૧૮ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>ગૌણ સદર :- ૮૦૦<br>સદર :- **૦૩**<br>સંકલિત બાળ વિકાસ યોજના<br>તાલીમ કાર્યક્રમ(ઉડિશા યોજના)<br>(વિશ્વ બેંક સહાયિત) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨.૧૫ | ૦.૦૦ | ૧૨.૧૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૦ | ૦.૦૦ | ૦.૧૦ |
| ૧૯ | માંગણી નંબર :- **૧૦૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- ૦૨<br>ગૌણ સદર :- **૧૦૧**<br>સદર :- **૦૨**<br>નેશનલ ન્યુટ્રીશન મિશન | ૧૬૦૬૮.૭૨ | ૦.૦૦ | ૧૬૦૬૮.૭૨ | ૧૫૮૬૯.૩૨ | ૦.૦૦ | ૧૫૮૬૯.૩૨ | ૭૭૬૫.૧૭ | ૦.૦૦ | ૭૭૬૫.૧૭ | ૧૩૧૧૦.૯૩ | ૦.૦૦ | ૧૩૧૧૦.૯૩ |
| **કુલ (૩ થી ૨૦) :- બ** | | ૧૫૯૫૮૨.૪૧ | ૭૬૩૫.૫૨ | ૧૬૭૨૧૭.૯૩ | ૧૮૦૯૧૭.૫૩ | ૯૧૨૪.૫૯ | ૧૯૦૦૪૨.૧૨ | ૨૧૨૦૪૯.૭૩ | ૧૪૬૩.૮૨ | ૨૧૩૪૦૮.૫૫ | ૧૯૮૫૧૪.૯૮ | ૨૨૫૫.૬ | ૨૦૦૭૭૦.૫૮ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | માંગણી નંબર :- **૯૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- **૦૨**<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- **૭૯૬**<br>આદિજાતિ વિસ્તાર સબ પ્લાન પેટા સદર :- **૦૨**<br>એન.ટી.આર.- **૨**<br>સંકલિત બાળવિકાસ યોજના | ૪૩૪૦૦.૨૫ | ૦.૦૦ | ૪૩૪૦૦.૨૫ | ૩૬૬૧૩.૪૮ | ૦.૦૦ | ૩૬૬૧૩.૪૮ | ૩૭૧૦૮.૩૦ | ૦.૦૦ | ૩૭૧૦૮.૩૦ | ૩૯૫૪૫.૭૦ | ૦.૦૦ | ૩૯૫૪૫.૭૦ |
| ૨૨ | માંગણી નંબર :- **૯૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- **૦૨**<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- **૭૯૬**<br>આદિજાતિ વિસ્તાર સબ પ્લાન પેટા સદર :- **૦૧**<br>એન.ટી.આર.- **૧૬**<br>સંકલિત બાળ વિકાસ યોજના | ૧૬૦૩૭.૭૬ | ૦.૦૦ | ૧૬૦૩૭.૭૬ | ૧૪૪૪૭.૯૦ | ૦.૦૦ | ૧૪૪૪૭.૯૦ | ૧૫૧૦૮.૪૨ | ૦.૦૦ | ૧૫૧૦૮.૪૨ | ૧૪૪૪૭.૯૫ | ૦.૦૦ | ૧૪૪૪૭.૯૫ |
| ૨૩ | માંગણી નંબર :- **૯૬**<br>મુખ્ય સદર :- **૨૨૩૬**<br>પેટા મુખ્ય સદર :- **૦૨**<br>પોષક ખાદ્ય અને પીણાની વહેંચણી<br>ગૌણ સદર :- **૭૯૬**<br>આદિજાતિ વિસ્તાર સબ પ્લાન પેટા સદર :- **૦૯**<br>એન.ટી.આર.- **૧૩**<br>સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) | ૨૦૭૧.૬૪ | ૦.૦૦ | ૨૦૭૧.૬૪ | ૯૧૧.૨૪ | ૦.૦૦ | ૯૧૧.૨૪ | ૭૪૧.૧૮ | ૦.૦૦ | ૭૪૧.૧૮ | ૭૩૯.૪૮ | ૦.૦૦ | ૭૩૯.૪૮ |
| **કુલ (૨૧ થી ૨૩) :- (ક)** | | ૬૧૫૦૯.૬૫ | ૦.૦૦ | ૬૧૫૦૯.૬૫ | ૫૧૯૭૨.૬૨ | 0.00 | ૫૧૯૭૨.૬૨ | ૫૨૯૫૭.૯0 | 0.00. | ૫૨૯૫૭.૯0 | ૫૪૭૩૩.૧૩ | 0.00 | ૫૪૭૩૩.૧૩ |
| **કુલ :- (અ+બ+ક)** | | ૨૨૫૬૬૫.૭૪ | ૭૬૩૫.૫૨ | ૨૩૩૩૦૧.૨૬ | ૨૩૯૪૫૯.૫૫ | ૯૧૨૪.૫૯ | ૨૪૨૦૧૪.૭૪ | ૨૭૩૫૧૯.૭૯ | ૧૪૬૩.૮૨ | ૨૭૪૮૭૮.૬૧ | ૨૫૮૬૨૨.૮૯ | ૨૨૫૫.૬૦ | ૨૬૦૮૭૮.૪૯ |

# કામગીરી અંદાજપત્ર :
# વર્ષ ૨૦૨૧-૨૨

## કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી (મહિલા વીંગ), ગાંધીનગર

## <u>કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી (મહિલા વીંગ), ગાંધીનગર.</u>

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની સ્થાપના મહિલાઓના કલ્યાણ, સશક્તિકરણ અને બહુઆયામી વિકાસ માટે ઓક્ટોબર-**૧૯૮૮** થી કરવામાં આવેલ છે. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી નોંધાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ મહિલા વિકાસની પ્રવૃતિઓ જેવી કે, જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો જિલ્લા કક્ષાએ તેમજ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો પારીવારીક ઝઘડામાં માર્ગદર્શક બની તેનો કાર્યક્રમ અમલી બનાવી શકે. મહિલા મંડળો દ્વારા ચાલતા સિવણ વર્ગો દ્વારા મહિલાઓને સ્વરોજગારીથી આત્મનિર્ભર બને તે હેતુસર કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા નાણાકીય સહાય પુરી પાડવામાં આવે છે તેમજ પારીવારીક હિંસાઓ સામે સ્ત્રીરક્ષણ અધિનિયમ-**૨૦૦૫** અંતર્ગત દહેજ પ્રતિબંધક અધિકારી સહ-રક્ષણ અધિકારીની નિમણુંક કરવામાં આવેલ છે. કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી-ગાંધીનગર (મહિલા વિંગ) ના તાબા હેઠળ જિલ્લા કક્ષાએ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીઓ કાર્યરત છે. સમાજમાં મહિલાઓને સ્પર્શતા પ્રશ્નો તથા તેઓના વિકાસ માટેની પ્રવૃતિઓને લગતી માહિતી એકત્રીત કરીને સંગ્રહિત કરવામાં આવે છે. આ ઉપરાંત મહિલાઓના સંદર્ભમાં સમાજમાં લોકોના વલણમાં પરિવર્તન કરવામાં આવે તે હેતુથી પ્રચાર-પ્રસાર,જાગૃતિ શિબિરો કરવામાં આવે છે. આ માટે સને **૨૦૨૧-૨૨** ના વર્ષમાં મહેસૂલી સદરે સુચિત જોગવાઇ રૂ. **૮૩૬૨૧.૮૦** લાખ તથા મુડી સદરે **૧૮૧.૦૦** લાખની જોગવાઈ સુચવેલ છે. એમ કુલ રૂ. **૮૩૮૦૨.૮૦** લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**કામગીરી:-**

મહિલા કલ્યાણને લગતી પ્રવૃત્તિઓમાં કાર્યરત હોઈ તેવી નોંધાયેલ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા મહિલા વિકાસની પ્રવૃત્તિઓ માટે આ કચેરી દ્વારા નીચેની વિગતે કામગીરી હાથ ધરવામાં આવે છે.

**<u>વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર:-</u>**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કમિશ્નર કચેરીમાં કાનુની સહાય કેન્દ્ર, મહિલા માર્ગદર્શન કેન્દ્ર અને યુવતિ વિકાસ કેન્દ્ર નામની ત્રણ યોજનાઓ મહિલા કલ્યાણ ક્ષેત્રેની વિવિધ પ્રવૃત્તિઓ ધરી માર્ગદર્શન પુરું પાડે છે. તે માટે દરેક જિલ્લા કક્ષાએ જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર અને તાલુકા કક્ષાએ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર આવેલ છે.

**કામગીરી**

- વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના તા: **૦૧/૦૪/૨૦૦૬** થી અમલમાં છે. મહિલાઓને કાનુની સમસ્યાઓ માટે માર્ગદર્શન અને રોજગારી માટે તાલીમ આપવામાં આવે છે.
- હાલમાં આવા **૩૧** જિલ્લા કેન્દ્રો, શહેરી વિસ્તારમાં અને તાલુકાના **૨૩૨** મળી કુલ **૨૬૩** વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે.
- જિલ્લા કક્ષાએ કેન્દ્રને મહત્તમ રૂ.**૨.૨૫** લાખ અને તાલુકા કક્ષાએ રૂ.**૧.૨૫** લાખ અનુદાન આપવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાએ દરેક પ્રવૃત્તિ માટે **૨૫%** લોકભાગીદારીથી ખર્ચ ભોગવવાનો રહે છે.
- વર્ષ **૨૦૨૧-૨૨** માં કુલ રૂ.**૫૦૩.૬૨** લાખની બજેટ જોગવાઇ કરેલ છે.

આ અધિનિયમ દ્વારા સ્ત્રીઓને થતી કૌટુંબિક / પારિવારિક હિંસા રોકવા તેમજ આ કાયદાના સુચારૂ અમલીકરણના સંદર્ભમાં વિચારણા કરતાં આ કાયદાની બહોળી પ્રસિધ્ધિ થાય તે આવશ્યક છે. તેથી જન જાગૃતિ અભિયાન / ઝુંબેશ હથ ધરવી / શિબિરો વર્કશોપનું આયોજન કરવું, પ્રચાર-પ્રસાર માટે સાહિત્ય હોર્લ્ડસ / બેનર તૈયાર કરવા કાયદાનો અમલ કરવા માટે **૨૬૮** સ્વૈચ્છિક સંસ્થાઓને સર્વિસ પ્રોવાઈડર તરીકે નિમણુંક આપવામાં આવેલ છે.

**<u>મહિલા વિકાસ એવોર્ડ:-</u>**

- મહિલા વિકાસ એવોર્ડનું અમલીકરણ વર્ષ **૨૦૦૬** થી કરવામાં આવે છે.મહિલા વિકાસ ક્ષેત્રમાં ઉત્કર્ષ ફાળા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને મહિલા સામાજિક કાર્યકરને એવોર્ડ આપવામાં આવે છે. મહિલા વિકાસ ક્ષેત્રે ગુજરાત રાજ્યમાં **૧૦** વર્ષથી કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થાને અને સામાજિક કાર્યકરને તેમની કામગીરી બદલ પ્રોત્સાહન રૂપે એવોર્ડ આપવાની યોજના અમલમાં છે સદર પુરસ્કાર સ્વૈચ્છિક સંસ્થા અને મહિલા કાર્યકરને એક જ વખત મળવાપાત્ર છે.
- મહિલા વિકાસ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતી એક સ્વૈચ્છિક સંસ્થાને રૂ.**૧.૦૦** લાખ તથા મહિલા કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ એક મહિલાં કાર્યકરનેરૂ. **0.૫૦** લાખનો દર વર્ષે પુરસ્કાર એવોર્ડ આપવાની યોજના છે.
- આ યોજના હેઠળ વર્ષ **૨૦૨૧-૨૨** માં કુલ રૂ.**૨.૦૦** લાખની બજેટ જોગવાઇ કરેલ છે.

**<u>કુટુંબ સલાહ કેન્દ્રો તથા મહિલા મંડળની યોજના:-</u>**

કુટુંબ સલાહ કેન્દ્રો તથા મહિલા મંડળની યોજનાકીય કામગીરી મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/**૧૦૨૦૦૦/૫૩(૬)**/અ, તા.**૧૬/૦૨/૨૦૦૬** થી સમાજ સુરક્ષાની કચેરીમાંથી તબદીલ થઇ કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરીને સોંપવામાં આવેલ છે. સદરહું યોજનાની કામગીરી કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ દ્વારા સને **૨૦૦૬-૦૭** થી હાથ ધરવામાં આવેલ છે.

કુટુંબ સલાહ કેન્દ્રોમાં કૌટુંબિક તથા સામાજિક વિવાદને લગતા પ્રશ્નો જેવા કે છૂટાછેડા, કૌટુંબિક કલહ, સ્ત્રીઓને કુટુંબ દ્વારા માનસિક ત્રાસ, સ્ત્રીઓને સંપત્તિના પ્રશ્નોમાં અન્યાય વિગેરે પ્રશ્નોના નિરાકરણ લાવવા તથા સમાધાન કરાવવા આવા કેન્દ્રો દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

તેવી જ રીતે મહિલા મંડળની યોજના દ્વારા અભણ, નિરાધાર, બિનરોજગાર બહેનોને આર્થિક ઉપાર્જન થાય તથા તેઓને પગભર કરવાના શુભઆશયથી સિવણ, એમ્બ્રોડરી વિગેરેની તાલીમ આપવામાં આવે છે.

વર્ષ:**૨૦૨૧-૨૨**માં કુટુંબ સલાહ કેન્દ્રો મહેસુલ સદરે **૪** કેન્દ્રો માટે **<u>રૂ. ૧૯.૩૩ લાખ</u>** જોગવાઇ સુચવેલ છે. જ્યારે મહિલા મંડળ યોજનાકીય કામગીરી મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-**૧૦૨૦૦૦/૫૩(૬)**/અ, તા.**૧૬/૦૨/૨૦૦૬** થી સમાજ સુરક્ષાની કચેરીમાંથી તબદીલ થઇ **કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીને સોંપવામાં આવેલ છે**.

મહિલા મંડળ દ્વારા સિવણ, એમ્બ્રોડરી વિગેરેની તાલીમ આપતી કુલ **૧૨** સંસ્થાઓ કાર્યરત છે. તે માટે મહેસુલી સદરે **૨.૭૧** લાખની જોગવાઇ સુચવેલ છે.

કુટુંબ સલાહ કેન્દ્રો/મહિલા મંડળોને ગ્રાંટ ઇન કોડ-**૧૯૯૨** ની જોગવાઇ આધિન ૯૦% અનુદાન મંજુર કરવામાં આવે છે.

**<u>સ્વધાર ગૃહ યોજના:-</u>**

- વર્ષ:**૨૦૨૧-૨૨**માં રૂ. **૧૩૯.૯૮** લાખ બજેટ જોગવાઇ કરેલ છે.
- જે ભારત સરકારની યોજના હોઇ જેમાં ભારત સરકારનો ફાળો **૬૦%** લેખે ૮૩.૯૯ લાખ અને રાજ્ય સરકારનો **૪૦%** લેખે રૂ. **૫૫.૯૯** લાખ બજેટ જોગવાઇ કરેલ છે.

**<u>સ્વધાર ગૃહ બાંધકામ:-</u>**

- વર્ષ:**૨૦૨૧-૨૨**માં સ્વધાર ગૃહ બાંધકામ ખર્ચ પેટે **<u>રૂ. ૧.૦૦</u>** લાખ જોગવાઇ કરેલ છે.
- **જે ભારત સરકારની યોજના હોઇ જેમાં ભારત સરકારના ફાળા ૬૦% પેટે રૂ. ૦.૬૦ લાખ અને રાજ્ય સરકારના ૪૦% પેટે રૂ. ૦.૪૦ લાખ ફાળો છે**.

**<u>ઉજવલ્લા યોજના</u>**

- ભારત સરકારશ્રીની નિતી મુજબ રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ **૨૦૧૭-૧૮** થી અમલમાં આવેલ છે.

- સામાજિક ગતિશીલતા અને સ્થાનિક સમાજોની સામેલગીરી, નીતિનિર્માણ કાર્યક્રમો, કાર્યશાળાઓ, સેમિનારો અને આવા અન્ય કાર્યક્રમો દ્વારા ચર્ચાઓ પેદા કરવી અને અન્ય નવીન પ્રવૃત્તિઓ દ્વારા શોષિત વ્યક્તિઓને તેમના શોષણના સ્થાનેથી છોડાવવાની સરળતા કરી આપવી અને તેમને સુરક્ષિત કબજામાં રાખવી.
- ગુજરાત રાજ્યમાં હાલની સ્થિતીએ કુલ **૦૨** કેન્દ્રો કાર્યરત છે. અમદાવાદ, રાજકોટ
- કેંદ્ર / રાજયનો તથા સંસ્થાનો હિસ્સો **૬૦:૩૦:૧૦** લેખે રહેશે.
- **વર્ષ:૨૦૨૧-૨૨માં રૂ. ૬૩.૦૦ લાખની** બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

**<u>વર્કિંગ વુમન હોસ્ટેલ</u>**

- ભારત સરકારની યોજનાઓ જેવી કે વર્કિંગ વુમન હોસ્ટેલ કુલ-**૧૬** રાજ્યમાં કાર્યરત છે અને નર્મદા, બોટાદ, ભરૂચ જિલ્લામાં નવી વર્કિંગ વુમન હોસ્ટેલ શરૂ કરવાની કાર્યવાહી ગતિમાં છે.
- **વર્ષ:૨૦૨૧-૨૨માં રૂ. ૧૫૮.૧૪ લાખની** બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

**<u>મહિલા પોલીસ વોલેન્ટીયર</u>**

ગુજરાત રાજ્યમાં આ યોજના કમિશ્નર કચરી , મહિલા વિંગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગ દ્વારા વર્ષ **૨૦૧૭** થી અમલીકૃત છે, ભારત સરકારની ગાઇડ લાઇન મુજબ પ્રાયોગિક ધોરણે સુરત તેમજ અમદાવાદ જીલ્લાની પસંદગી કરવામાં આવેલ છે.

**હેતુ:**

ગ્રામ્યકક્ષાએ  મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ હિસાગ્રસ્ત મહિલા, બાળકો અને સમુદાયના બચાવ માટે પોલીસ તેમજ અન્ય સહાયક સેવાઓ વચ્ચે કડીરૂપ બની જરૂરી સેવાઓ આપવી.

**<u>યોજના નો ઉદ્દેશ</u>** :

- મહિલા સામેના ગુના સામે લડવા માટે સમુદાય -પોલીસ ઇન્ટરફેસ તરીકે સેવા આપશે.
- મહિલાઓ સાથે થતી  હિંસા જેમ કે ઘરેલુ હિંસા, બાળલગ્ન, દહેજનું સતામણી અને જાહેર સ્થળોએ મહિલાઓ દ્વારા થતી હિંસા વગેરે  ઘટનાઓની પોલીસને જાણ કરવી.
- તેમજ  સમુદાય માટે એક રોલ મોડેલ તરીકે કાર્ય કરવું.
- હાલમાં આ યોજના ગુજરાત રાજ્યમાં પ્રાયોગિક  ધોરણે અમદાવાદ અને સુરત જીલ્લાઓ ખાતે ગૃહ વિભાગના સંકલનમાં અમલીકૃત છે.
- અમદાવાદ ખાતે **૩૪૮** અને સુરત ખાતે **૪૪૩** મહિલા પોલીસ વોલન્ટીયરની નિમણૂંક જીલ્લા પોલિસ અધિક્ષકશ્રી દ્વારા કરવામાં આવે છે.
- વર્ષ **૨૦૨૧-૨૨** માં કુલ રૂ.**૧૦૦.૦૦**  લાખની દરખાસ્ત કરેલ છે.

**<u>પોલીસ સ્ટેશન બેઈઝ સપોર્ટ સેન્ટર</u>**

ઘરેલું હિંસા અને અન્ય સમસ્યાઓથી પીડિત અને જરૂરિયાતમંદ મહિલાઓ માટે કોઉંન્સેલીંગ, માર્ગદર્શન અને સંસ્થાકીય મદદ પૂરી પાડવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ગૃહ વિભાગના સંકલનમાં પોલીસ સ્ટેશન બેઇઝ સપોર્ટ સેન્ટર યોજના વર્ષ **૨૦૧૩-૧૪** મા શરુ કરવામાં આવી. પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના હાલના તબક્કે ગુજરાતના **૩૩** જિલ્લાઓમાં **૬૫** સેન્ટર કાર્યરતછે. જેના માટે તમામ જિલ્લાઓમાં નિર્ધારિત કરેલ પોલીસ સ્ટેશનમાં તાલીમબધ્ધ બે કોઉન્સેલર ની નિમણુક કરવામાં આવી છે.

**<u>યોજનાનો હેતુ:-</u>**

- હિંસાનો ભોગ બનેલ મહિલાઓને સહાય, માર્ગદર્શન અને કાઉન્સેલીંગ માટે દરેક જિલ્લામાં પસંદ કરેલ પોલીસ સ્ટેશનોમાં આ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

- તાલીમ બધ્ધ કાઉન્સેલરો દ્વારા સમસ્યા ગ્રસ્ત મહિલાઓ માટે કાઉન્સેલીંગ તથા સંસ્થાકીય સેવાઓ પુરી પાડવા સહાય પુરી પાડવામાં આવે છે.
- ઘરેલુ હિંસા સંદર્ભમાં રક્ષણ અધિકારી, સેવા આપનાર, કામુની સેવા સત્તા મંડળ અને પોલીસ સાથે સંકલન કરવું.
- વર્ષ **૨૦૨૧-૨૨** માટે રૂ.**૩૦૦.૦૦** લાખની જોગવાઈ કરેલ છે.

**<u>નારી સંરક્ષણ ગૃહ/કેન્દ્ર</u>**

- રાજ્ય સરકારના સામાજીક અને ન્યાય અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:મકમ/**૧૦/૨૦૧૪/૩૩૨૫૩૭**/છ, સચિવાલય, ગાંધીનગર તા.**૧૯/૦૮/૨૦૧૪** થી નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની મહિલા કલ્યાણ સંબંધિત કામગીરી મહિલા અને બાળ વિકાસ વિભાગના કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસને તબદિલ કરવામાં આવેલ છે.
- મહિલાઓ માટે સરકાર હસ્તકનાં કુલ-**૧૦** નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો તથા ગ્રાન્ટ-ઈન-એઈડનાં ધોરણે સ્વૈ.સંસ્થા દ્વારા સંચાલિત કુલ-**૦૬** પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર કાર્યરત છે..જેમાં અનૈતિક વ્યવહાર પ્રતિબંધક ધારો **૧૯૮૬** હેઠળ મળી આવેલ સ્ત્રીઓ-બાળાઓતેમજ સામાજિક નૈતિક ભયમાં મુકાયેલ મહિલાઓબાળાઓ/અનાથ, ચિલ્ડ્રનહોમમાંથી **૧૮** વર્ષ પૂર્ણ કરી આવેલ મહિલાઓનેઆશ્રય, રક્ષણ, પોષણ વ્યવસાયિક તાલીમ શિક્ષણ આપી સમાજમાં પુન:સ્થાપન કરવામાં આવે છે અને આ સંસ્થાઓમાં રહેવાની,જમવાની સગવડ મફત આપવામાં આવે છે.
- વર્ષ **૨૦૨૧-૨૨** માટે કુલ રૂ.**૪૯૬.૮૬** લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**<u>ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના:-</u>**

- **૧૯૭૯** ના વર્ષથી યોજનાનો આરંભ થયેલ છે. તા. **૦૧/૦૪/૨૦૧૯** થી સહાયમાં વધારો કરી રૂ.**૧૨૫૦/-** તમામ વિધવા બહેનોને આપવામાં આવે છે.
- **૨૧** વર્ષનો પુત્ર થતાં સહાય બંધ કરવામાં આવતી હતી તે શરત રદ કરી આજીવન સહાય આપવામાં આવે છે.
- સહાય મેળવવા માટે ગ્રામ્ય વિસ્તાર માટે લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક **૧,૨૦,૦૦૦** અને શહેરી વિસ્તાર માટે **૧,૫૦,૦૦૦** હોવી જોઈએ. વિધવા બહેનોના પોસ્ટ ઓફિસ/બેંક ખાતામાં રકમ DBT મારફતે જમા કરાવી સહાયની ચુકવણી કરવામાં આવે છે.
- હાલમાં રાજ્યમાં ફેબ્રુઆરી – **૨૦૨૧** અંતિત ૮.**૦૧** લાખ જેટલા લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવે છે. વર્ષ **૨૦૨૧-૨૨** માં કુલ રૂ.**૭૩૦૦૦.૦૦** લાખની બજેટ જોગવાઇ કરેલ છે.

**<u>"વ્હાલી દિકરી" યોજના</u>**

- ગુજરાત રાજ્યમાં દિકરીઓના જન્મદરને વધારવા અને શિક્ષણમાં વધારો કરવા માટે સરકાર કટિબધ્ધ છે અને આ જ પ્રતિબધ્ધતાને સાર્થક કરવા માટે વધુ પ્રયત્નોની જરૂર હોઇ રાજ્ય સરકાર દ્વારા વર્ષ:**૨૦૧૯-૨૦**ના બજેટમાં "વ્હાલી દિકરી" યોજના મંજુર કરવામાં આવેલ છે. તેમજ આ યોજના તા.**૦૨/૦૮/૨૦૧૯** થી અમલમાં મુકવામાં આવેલ છે.

**ઉદ્દેશ:-**

**૧**. દિકરીઓનું જન્મ પ્રમાણ વધારવું.
**૨**. દિકરીઓના શિક્ષણમાં વધારો કરવો અને ડ્રોપઆઉટ રેશીયો ઘટાડવો.
**૩**. દિકરીઓ/સ્ત્રીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવું.
**૪**. બાળલગ્ન અટકાવવા.

**લાભાર્થીની પાત્રતા:-**

- આ યોજના તા.**૦૨/૦૮/૨૦૧૯**ના રોજ અને ત્યારબાદ જન્મેલ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- દંપતિની પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

- આ યોજના અંતર્ગત લાભ મેળવવા માગતા દંપતિની (પતિ-પત્નિની સંયુક્ત) વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી બન્ને વિસ્તારો માટે એક સમાન રૂ. **૨,૦૦,૦૦૦/-** કે તેથી ઓછી હોવી જોઇએ.

**"વ્હાલી દિકરી" યોજના અંતર્ગત મળવાપાત્ર લાભ:-**

**૧.** પ્રથમ હપ્તો- દિકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ. **૪૦૦૦/-** મળવાપાત્ર થશે.

**૨.** બીજો હપ્તો- દિકરીઓના નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.**૬૦૦૦/-**ની સહાય મળવાપાત્ર થશે.

૩. આખરી હપ્તો- દિકરીની **૧૮** વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ રૂ.**૧,૦,૦૦૦/-** ની સહાય મળવાપાત્ર થશે. પરંતુ દિકરીના બાળલગ્ન થયેલ ન હોવા જોઇએ.

**પ્રચાર-પ્રસારની જોગવાઇ:-**

- "વ્હાલી દિકરી" યોજના અંતર્ગત પ્રચાર-પ્રસાર માટે યોજનાની વાર્ષિક કુલ નાણાંકીય જોગવાઇના ૪% સુધી ખર્ચ કરી શકાશે.
- વર્ષ **૨૦૨૧-૨૨** માં કુલ રૂ.**૫૦૦૦.૦૦** લાખની બજેટ જોગવાઇ કરેલ છે.

**<u>દહેજ પ્રતિબંધક અધિનિયમ-૧૯૬૧ (સુધારો ૧૯૮૫)</u>**

- ગુજરાત રાજ્યમાં ઘરેલુ હિંસા અધિનિયમ-**૨૦૦૫** તથા દહેજ પ્રતિબંધક અધિનિયમ-**૧૯૬૧**ના અસરકારક અમલ માટે **૩૩** ક્ષેત્રીય જિલ્લા કક્ષાની કચેરીઓ માટે તા.**૨૧/૦૨/૧૪**ના વિભાગના ઠરાવથી અલગ અલગ કેડર વાઇઝ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.
- તા.**૦૧/૦૨/૨૦૨૦**ની સ્થિતીએ જિલ્લા કક્ષાની **૩૩** ક્ષેત્રીય કચેરીઓ માટે મહિલા અને બાળ અધિકારીશ્રી વર્ગ-**૧**ની કુલ-**૧૭** જગ્યાઓ ભરવામાં આવેલ છે. તા.**૦૧/૦૨/૨૦૨૦**ની સ્થિતીએ દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી વર્ગ-**૨**ની કુલ-**૪૪** જગ્યાઓ મંજુર થયેલ છે. જે પૈકી કુલ-**૩૨** જગ્યાઓ ભરવામાં આવેલ છે. તા.**૦૧/૦૨/૨૦૨૦**ની સ્થિતીએ ફિલ્ડ ઓફિસરની કુલ-**૩૩** જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે જે પૈકી કુલ-**૩૧** જગ્યાઓ ભરવામાં આવેલ છે. તા.**૦૧/૦૨/૨૦૨૦**ની સ્થિતીએ જુ.ક્લાર્કની કુલ-**૨૬** જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે જે પૈકી કુલ-**૨૩** જગ્યાઓ ભરવામાં આવેલ છે.
- આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસના તા.**૨૨/૦૮/૨૦૧૯**ના ઠરાવથી ક્ષેત્રીય કચેરીઓ માટે નાયબ હિસાબનીશ, ફિલ્ડ ઓફિસર, જુ.ક્લાર્ક વગેરે કુલ-**૧૦૧** નવી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે તથા **૪** પ્રાદેશિક નાયબ નિયામકશ્રીની કચેરીઓ માટે પ્રાદેશિક નાયબ નિયામક, એકાઉન્ટાન્ટ, ફિલ્ડ ઓફિસર, જુ.ક્લાર્ક અને કોમ્પ્યુટર ઓપરેટર વગેરે જેવી કુલ-**૨૪** જગ્યાઓ નવી મંજુર કરવામાં આવેલ છે.
- દહેજ લેનાર વિરૂધ્ધ અરજી આ કચેરીને મળ્યેથી તેની વિગતવાર તપાસ કરી દહેજ પ્રતિબંધક અધિનિયમ હેઠળ કાનુની કાર્યવાહી કરવામાં આવે છે.
- વર્ષ:**૨૦૨૧-૨૨** માટેની સુચિત અંદાજો રૂ. **૨૩૩૭.૩૪** લાખ છે.

**<u>રાજ્ય મહિલા સંસાધન કેન્દ્ર:-</u>**

- મહિલાઓનાં સામાજિક અને આર્થિક વિકાસ માટે ભારત સરકાર દ્વારા આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ ૮ માર્ચ, **૨૦૧૦** ના રોજ "રાષ્ટ્રીય મહિલા સશક્તિકરણ અભિયાન" ની શરૂઆત કરવામાં આવી હતી.
- ગુજરાત માં રાજ્ય મહિલા સંસાધન કેન્દ્ર **(SRCW)** ની શરૂઆત જુલાઈ- **૨૦૧૨**, માં ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગની સ્વાયત સંસ્થા જેન્ડર રિસોર્સ સેન્ટર **(GRC)** ખાતે કરવામાં આવી હતી જે યોજનાઓ **૨૦/૮/૨૦૧૯** બાદ તબદીલ થઇ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, મહિલા વિંગ ખાતે હાલમાં કાર્યરત છે.
- **SRCW** નો મુખ્ય હેતુ રાજ્યમાં મહિલાઓનો સર્વાંગી વિકાસ થાય અને મહિલાઓનું સશક્તિકરણ થાય તે માટે વિવિધ હિતધારકો સાથે જાતિગત સંવેદનશીલતા **(Gender Sensitization)**, જાતિગત હિંસા ઘરેલું હિંસા, મહિલાલક્ષી વિવિધ કાયદાકીય જોગવાઇઓ, યોજનાઓ, પંચાયતી રાજ વગેરે જેવા વિષયો પરત્વે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરી

અસરકારક સંકલન દ્વારા કાયદાઓ અને યોજનાઓ અંગેની માહિતી છેવાડાના લોકો સુધી પહોચાડવાનો છે. જેનાથી મહિલાઓનો સર્વાંગી વિકાસ થઇ શકે.

**<u>બેટી બચાવો બેટી પઢાવો</u>**

- સમાજમાં ઘટતી જતી દીકરીઓની સંખ્યા દેશ અને રાજ્ય માટે મોટી ચિંતાનો વિષય છે ગુજરાત રાજયમાં વસ્તી ગણતરી(સેન્સસ)-**૨૦૧૧** મુજબ દર **૧૦૦૦** દીકરાઓએ દીકરીઓની સંખ્યા માત્ર ૮૯૦ છે.
- માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા **૨૦૧૫**માં પાનીપત હરિયાણા ખાતે સમાજમાં ઊભા થઈ રહેલા અસંતુલનને રોકવા તેમજ દીકરીઓના વિકાસને વેગ મળે તે હેતુસર ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા "બેટી બચાવો બેટી પઢવો" યોજના સમગ્ર રાજયમાં અમલી કરવામાં આવી.
- હાલ માં ગુજરાત રાજ્યના કુલ **૨૨** જિલ્લામાં કાર્યરત છે.

**યોજનાનો હેતુ અને સુચકાંકો** :

1. દિકરી જન્મને પ્રોત્સાહન
   - દર વર્ષે જાતીદરમાં **૧૦** પોઈન્ટનો વધારો
   - એનિમિક તેમજ ઓછાવજન ધરાવતી દીકરીઓનું પ્રમાણ ઓછુ કરવું
   - પંચાયત પદાધિકારીઓ, સંસ્થાઓ તેમજ સમુદાયને કન્યા જન્મદર તેમજ કન્યા

   શિક્ષણ પ્રત્યે સંવેદનશીલ અને સક્રિય કરવા
2. **દિકરીની સુરક્ષા અને સલામતી**
   - નવજાત તમામ દિકરીઓનું રસીકરણ
   - જાતીય ગુનાઓ સામે રક્ષણ (POCSO-2012)
   - તમામ શાળાઓમાં અલાયદા કન્યા શૌચાલયની સુવિધા સુનિશ્ચિત કરવી
   - **દિકરીઓમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધે તે સુનિશ્ચિત કરવું**
   - માધ્યમિક શિક્ષણમાં દિકરીના શાળા પ્રવેશનું પ્રમાણ વધારવું.

**<u>મહિલા શક્તિ કેન્દ્ર</u>**

- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ગ્રામ્ય મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે જિલ્લા તેમજ તાલુકા સ્તરે મહિલા શક્તિ કેન્દ્રો શરુ કરવા માટે "મહિલા શક્તિ કેન્દ્ર" (MSK) યોજના અમલમાં મુકેલ છે.
- મહિલા શક્તિ કેન્દ્ર દ્વારા સરકારની વિવિધ સેવાઓ, કાર્યક્રમો, યોજનાઓ તથા કૌશલ્ય વિકાસ, રોજગારી, ડિજિટલ સાક્ષરતા, આરોગ્ય અને પોષણ ને લગતી માહિતી અને કાર્યક્રમો ગ્રામ્યસ્તરની છેવાડાની મહિલાઓ સુધી પહોચાડવામાં આવશે જેથી મહિલાઓ સશક્ત બની શકે.
- ગુજરાતના **૨૬** જિલ્લાઓ પૈકીના **૨૫** જિલ્લાઓમાં જિલ્લા મહિલા શક્તિ કેન્દ્રો કાર્યરત છે.
- યોજનાનો ગ્રાન્ટ રેશિયો **૬૦%** કેન્દ્ર તથા **૪૦%**રાજ્યનો હિસ્સો છે

**<u>વન સ્ટોપ સેન્ટર</u>**

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તમામ રાજ્યોમાં હિસાથી પીડિત મહિલાઓને એક જ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંકલિત સેવાઓ પૂરી પાડવા માટે ઓગસ્ટ 2016 થી વન સ્ટોપ સેન્ટર (OSC) સખી યોજના શરૂ કરવામાં આવેલ છે.

આ યોજનાનો હેતુ હિસાથી પીડિત કોઇપણ કિશોરી/ મહિલાને એક જ સ્થળેથી તેને જરૂર હોય તેવી તમામ સુવિધાઓ પૂરી પડવાનો છે.

સખી કેન્દ્ર દ્વારા હિંસાથી પીડિત કિશોરીઓ/ મહીલાઓને તાત્કાલિક તબીબી સારવાર, આશ્રય, કાયદાકીય સલાહ/ માર્ગદર્શન, પોલીસની સહાય તથા પરામર્શ જેવી સેવાઓ તાત્કાલિક ધોરણે પૂરી પાડવામાં આવે છે.

ગુજરાતના **૩૩** જિલ્લાઓમાં હાલમાં વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે.

વન સ્ટોપ સેન્ટર **૧૦૦%** કેન્દ્ર પુરસ્કૃત યોજના છે.

**ભાગ-૩ પત્રક**

**(રૂ. લાખમાં)**

| ક્રમ | **કચેરીનું નામ** | **૨૦૨૧-૨૨ ની જોગવાઈ** | | |
|---|---|---|---|---|
| | | **મહેસુલી** | **મુડી** | **કુલ** |
| **૧** | માંગણી ક્રમાંક**૧૦૬**-:<br>મુખ્ય સદર**૨૨૩૫**-:<br>સામાજિક સુરક્ષા અને કલ્યાણ | **૮૩૬૨૧.૮૦** | **૦૦** | **૮૩૬૨૧.૮૦** |
| **૨** | માંગણી ક્રમાંક**૧૦૬**-:<br>મુખ્ય સદર**૪૨૩૫**-:<br>સામાજિક સુરક્ષા અને કલ્યાણ અંગે મુડી જોગવાઇ | **૦૦** | **૧૮૧.૦૦** | **૧૮૧.૦૦** |
| | કુલ રકમ રૂ . | **૬૩૬૨૧.૮૦** | **૧૮૧.૦૦** | **૮૩૮૦૨.૮૦** |

# કમિશ્નર મહિલા અને બાળ વિકાસની (મહિલાવીંગ)વર્ષ ૨૦૨૧-૨૨ની નવી બાબતોની યાદી

| ક્રમ | સુચિત નવી બાબત | State | CSS | કુલ રકમ .રૂ) (લાખમાં | વિવરણ |
|---|---|---|---|---|---|
| ૧ | ડી.બી.ટી સેલ | ૧૦૦% | ૦૦ | ૧૩.૭૪ | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં લાભાર્થીની સંખ્યા ૮,૦૦,૦૦૦ લાખ ઉપર થયેલ હોય અને સમગ્ર કામગીરી અરજીથી લઇને સહાયની ચુકવણી ઓનલાઇન થતી હોવાથી. |
| ૨ | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત આદિજાતી વિસ્તારોમાં **૫૧** ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા ઉભી કરવા બાબત | ૧૦૦% | ૦૦ | ૮૪.૧૫ | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત આદિજાતી વિસ્તારોમાં **૫૧** ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા ઉભી કરવી જરૂરી જણાય છે.વધુમાં લાભાર્થીઓની સંખ્યાશરતો બદલાતા વધીને **૮.૨૪** લાખ થવા પામેલ છે. |
| ૩ | નિયામક મહિલા કલ્યાણની જગ્યા ઉભી કરવા બાબત. | ૧૦૦% | ૦૦ | ૨૪.૦૦ | મહિલાલક્ષી યોજનાઓનું સુચારું અમલીકરણ થાય તે બાબતો ધ્યાને રાખી નિયામક મહિલા કલ્યાણની જગ્યા ઉભી કરવા બાબત. |
| ૪ | ગંગા સ્વરૂપા પુન: લગ્ન આર્થિક સહાય યોજના | ૧૦૦% | ૦૦ | ૨૫૦.૦૦ | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં લાભ મેળવતી રાજયની **૫૦૦** લાભાર્થીઓને લગ્ન સમયે રૂ.**૨૫૦૦૦** હજારની સહાય અને રૂ.**૨૫૦૦૦** હજારની નાની બચતના બોન્ડ સ્વરૂપે સહાય. |
| | કુલ મંજુર નવી બાબત | | | ૩૭૧.૮૯ | |

# કામગીરી અંદાજપત્ર :
# વર્ષ ૨૦૨૧-૨૨

## ગુજરાત રાજ્ય મહિલા આયોગ

**ગાંધીનગર**

# કામગીરી અંદાજપત્ર
# ગુજરાત રાજય મહિલા આયોગ

મહિલાઓ સ્વનિર્ભર બને અને સ્વતંત્ર રીતે પોતાનો વિકાસ કરી શકે તેમજ તેમના અધિકારીતાને પ્રોત્સાહન આપવાના શુભ હેતુથી સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.**૧૬/૨/૨૦૦૫**ના જાહેરનામાથી ગુજરાત રાજય મહિલા આયોગની રચના કરવામાં આવેલ છે. મહિલા આયોગની કચેરી તા.**૨૮/૨/૨૦૦૫**ના રોજથી કાર્યાવિન્ત થયેલ છે.

ગુજરાત રાજય મહિલા આયોગ અધિનિયમ-**૨૦૦૨** હેઠળ આયોગની રચના કરવામાં આવી છે. આયોગમાં અધ્યક્ષાશ્રી, **૭** સરકારી સભ્યો, ૫ બિન સરકારી સભ્યો અને એક સભ્યસચિવશ્રી એમ કુલ-**૧૪** સભ્યો છે.

મહિલાઓના સામાજિક, કૌટુબિંક, પ્રશ્નોનું નિરાકરણ લાવવા, મહિલાઓ સબંધિત કાયદાઓનું મૂલ્યાંકન કરી સરકારને સુધારા માટે જણાવવું વગેરે કાર્યો આયોગ દ્રારા કરવામાં આવે છે. આયોગને મળતી અરજીઓ સંબધિત સંસ્થાઓ, પોલીસ અધિકારીઓને મોકલી આપવામાં આવે છે. રિપોર્ટ મેળવી નિકાલ કરવામાં આવે છે. આયોગમાં કૌટુંબિક પ્રશ્નોના નિરાકરણ માટે સુનાવણી રાખવામાં આવે છે, બન્ને પક્ષકારોને બોલાવી સાંભળી સંતોષકારક નિરાકરણ લાવવામાં આવે છે.

મહિલાઓને કાયદાકીય જાણકારી માટે જિલ્લા પંચાયત મારફત **૩૧૮** નારી સંમેલન , કરવામાં આવ્યા જેમાં **૧,૬૦,૦૦૦** થી વધુ મહિલાઓ એ ભાગ લીધેલ છે. તથા **૧૧૮** કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં **૫૫,૦૦૦** થી વધુ ચુંટાયેલ મહિલાઓ એ ભાગ લીધેલ છે. ગુજરાત રાજય મહિલા આયોગ દ્રારા યુનિર્વસીટીમાં ભણતા વિધાર્થી/વિધાર્થીનીઓને કાયદા અને જાતિય સતામણી સામે રક્ષણ અંગેનાં **૨૮** યુનિર્વસીટીમાં સેમીનાર યોજવામાં આવેલ છે. જેમાં **૨૮,૦૦૦** થી વધુ વિધાર્થીઓ/વિધાર્થીનીઓએ ભાગ લીધેલ છે.

આયોગ દ્રારા તાત્કાલિક પીડિત મહિલાઓની મુલાકાત લેવામાં આવે છે. પીડિત મહિલા અને કુટુંબીજનોને આશ્વાસન આપવામાં આવે છે.કલેકટરશ્રીને તાત્કાલિક સહાય આપવા, પોલીસ અધિકારીને આરોપીની ધરપકડ કરી ત્વરીત કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે. આરોગ્ય અધિકારીને આરોગ્યલક્ષી સુવિધા આપવા જણાવવામાં આવે છે.

આયોગમાં કચેરી સમય દરમ્યાન મહિલા હેલ્પ લાઇન-**૧૮૦૦-૨૩૩-૧૧૧૧** ઉપલબ્ધ છે. કાયદાકીય માર્ગદર્શન માટે કાયદા અધિકારી અને કાઉન્સીલરની સેવાઓ ઉપલબ્ધ છે. **N.R.I** ના કેસો માટે **N.R.I Cell** છે. અરજદારશ્રીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. અને અત્યાર સુધીમાં આયોગને કુલ **૧૬૪** અરજીઓ મળેલ છે. તેની ચકાસણી કરી ભલામણ સાથે **NCW** ને મોકલવામાં આવેલ છે.

આયોગ દ્રારા સ્થાનિક કક્ષાએ કૌટુંબિક પ્રશ્નોના નિરાકરણ માટે **૨૦૧૨-૧૩**થી નારી અદાલતો શરૂ કરવામાં આવી છે. હાલમાં દરેક તાલુકામાં એક અને મહાનગર પાલિકા વિસ્તારમાં **૨૨** મળી કુલ-**૨૭૦** નારી અદાલતો શરૂ કરવામાં આવી છે.

નારી અદાલતમાં પીડિત મહિલાની અરજી મેળવી સામેના પક્ષકારને બોલાવી બન્ને પક્ષકારોને સાંભળી પ્રશ્નનો સમજાવટથી ઉકેલ લાવવામાં આવે છે.

નારી અદાલતમાં તાલુકા કક્ષાની **૧૧** બહેનોની સમતા કમિટિની રચના કરવામાં આવે છે. સમતા કમિટિની બહેનો પોતાની કોઠાસૂઝ થી બન્ને પક્ષકારોને સાંભળી પ્રશ્નનો નિરાકરણ લાવે છે.

વર્ષ **૨૦૨૧-૨૨**માં આ માટે રૂ**ા.૨૦૦.૪૮** લાખની જોગવાઈ **(૨૫)** ડબલ્યુ સી ડી-**૭** મહિલાઓ માટે રાજ્ય આયોગની સ્થાપના (પ્લાન) સદરે સૂચવેલ છે. તથા **૨૭૦** નારી અદાલતો માટે વર્ષ:**૨૦૨૧-**

**૨૨** માં **રૂા.૬૦૦.૦૦** લાખની જોગવાઈ સૂચવેલ છે. તેમજ ખર્ચનું વર્ગીકરણ નિયત પત્રકમાં સામેલ રાખેલ છે.

## વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજનું વર્ગીકરણ

**૧. ગુજરાત રાજય મહિલા આયોગ** (રૂા.લાખમાં)

| | | |
|---|---|---|
| **૧** | પગાર ભથ્થા ખર્ચ | **૧૦૩.૪૮** |
| ૨ | કચેરી ખર્ચ | **૫૨.૦૦** |
| ૩ | આયોગની પ્રવૃત્તિ (સેમીનાર) | **૪૫.૦૦** |
| | **કુલ સરવાળો** | **૨૦૦.૪૮** |

૨. **નારી અદાલત-** (રૂા.લાખમાં)

| | | |
|---|---|---|
| **૧** | નારી અદાલતની જોગવાઇ | **૬૦૦.૦૦** |
| | **કુલ સરવાળો** | **૬૦૦.૦૦** |

**આમ આયોગ માટે કુલ રૂા.૮૦૦.૪૮** લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

# કામગીરી અંદાજપત્ર :
# વર્ષ ૨૦૨૧-૨૨

## <u>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.</u>
## ગાંધીનગર

# <u>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર</u>
# <u>કામગીરી અંદાજપત્ર વર્ષ ૨૦૨૧-૨૨</u>

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગરની રચના ગુજરાત રાજ્યની ગરીબ અને જરૂરીયાતમંદ મહિલાઓનાં ઉત્કર્ષનાં ઉદ્દેશથી માર્ચ **૧૯૮૧** નાં રોજ કરવામાં આવેલ ત્યાર બાદ નિગમને ભારતીય કંપની ધારા-**૧૯૫૬** હેઠળ તા.**૧૬/૮/૧૯૮૮** નાં રોજ નોંધવામાં આવેલ. નિગમ દ્વારા કંપની તરીકેની કામગીરી તા.**૦૧/૦૧/૧૯૮૯** થી શરૂ કરવામાં આવેલ.

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને, કુટુંબનાં આર્થિક વિકાસમાં ફાળો આપી શકે તે માટે વંશ પરંપરાગત ગૃહ ઉદ્યોગ સહિત રોજગારલક્ષી, વેપાર લક્ષી અને તાંત્રિક તાલીમ આપી જરૂરીયાતવાલી મહિલાઓને તેમજ તાલીમ લીધેલ મહિલાઓને ઉદ્યોગ કે વ્યવસાય શરૂ કરવા બેંકેબલ યોજના હેઠળ આવરી લઈ સહાયભૂત થાય છે.

તાજેતરમાં ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી વધુમાં વધુ મહિલાઓને રાજ્ય સરકારની તેમજ ભારત સરકારની યોજનાઓનો લાભ આપી શકાય તે હેતુને ધ્યાને લઈ વર્ષ **૨૦૨૧-૨૨** માં ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ વિગતે યોજનાકીય પ્રવૃત્તિ અમલમાં મુકવાનું આયોજન વિચારેલ છે.

## (૧) ઘરદિવડા યોજના (તા.૧૩/૦૧/૨૦૨૦ થી મહિલા સ્વાવલંબન યોજના)

આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં રૂા.**૧,૨૦,૦૦૦/-** સુધીની તેમજ શહેરી વિસ્તારમાં રૂા.**૧,૫૦,૦૦૦/-** સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબની મહિલાઓના આર્થિક વિકાસ માટે સહાય કરવામાં આવે છે, જે અંતર્ગત મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ માટે રૂ.**૨,૦૦,૦૦૦/-** (રૂપિયા બે લાખ) ની મર્યાદામાં લોન આપવા માટે બેંકોને મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ભલામણ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત લાભાર્થી મહિલાને પ્રોજેક્ટ કોસ્ટના **૧૫%** અથવા મહત્તમ રૂ.**૩૦,૦૦૦/-** (રૂપિયા ત્રીસ હજાર) બન્ને માથી જે ઓછુ હોય તે મુજબ સબસીડી આપવામાં આવે છે.

વર્ષ **૨૦૨૧-૨૨** માં અંદાજીત **૧૨૦૦** મહિલા લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જે માટે અંદાજપત્રમાં કુલ રૂા.**૧૫૦.૦૦** લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

## (૨) જનરલ તાલીમ યોજના

આ યોજનાનો મૂળભૂત હેતુ ગરીબી રેખા હેઠળની **૧૮** વર્ષથી વધુ કે **૫૦** વર્ષ સુધીની વયની જરૂરિયાતમંદ મહિલાઓને પરંપરાગત કે બીનપરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ માટે કૌશલ્ય વિકાસ તાલીમ આપવાનો છે. સાથે જ લાભાર્થી મહિલાને તાલિમની સાથે માસિક રૂ.**૧૦૦૦/-** સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

વર્ષ **૨૦૨૧-૨૨**માં આ યોજના હેઠળ **૧૦૦** તાલીમવર્ગોનું આયોજન કરવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે માટે **૧૦૫.૦૦** લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૩) મહિલા જાગૃતિ શિબિર**

મહિલા જાગૃતિ શિબિરનો ઉદ્દેશ મહિલાઓને વિવિધ વ્યવસાય, સરકારશ્રીની મહિલાઓને અનુલક્ષીને અમલમાં મુકાતી યોજનાઓ અને તેવી યોજનાઓ હેઠળ લાભ મેળવવા માટે અનુસરવાની નવી પદ્ધતિ અંગે આવી શિબિરોમાં જાણકારી આપવામાં આવે છે.

વર્ષ **૨૦૨૧-૨૨** માં કુલ **૧૨૦** મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જે માટે રૂા.**૧૦૦.૦૦** લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં **૪૨૦૦** મહિલા લાભાર્થીઓને આવરી લેવાનો ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

**(૪) પ્રદર્શન - સહ - વેચાણ** :-

મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવા દર વર્ષે રાજ્યમાં વેચાણની ક્ષમતાવાળા શહેરોમાં પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાં આવે છે, જેમાં આવી મહિલાઓને સ્ટોલ ટોકન ફી લઈને ફાળવવામાં આવે છે જેથી મહિલાઓને ન્યુનતમ ખર્ચે વેચવાની તક મળે છે. અને લાંબાગાળાની વેચાણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાનો અનુભવ મળે છે. (આ યોજના અંતર્ગત http://mela.gwedc.gov.in/ વેબસાઈટ મારફતે ઓન લાઈન પ્રક્રિયા દ્વારા સ્ટોલ ફાળવવાની તમામ કામગીરી કરવામા આવે છે.

વર્ષ **૨૦૨૧-૨૨** માં કુલ **૧૬** પ્રદર્શન સહ વેચાણ મેળા યોજવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે માટે કુલ **૪૦૦.૦૦** લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૫) ન્યુકલીયસ બજેટ** :-

વર્ષ **૨૦૨૧-૨૨** દરમ્યાન ચાલુ યોજનાઓમાં સમાવેશ થયેલ ન હોય તેવી યોજનાકીય બાબતો માટે કુલ રૂ.**૧૦/-** લાખની નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૬) નિગમની યોજનાકીય પ્રવૃત્તિઓનો પ્રચાર-પ્રસાર** :-

નિગમની મહિલા કલ્યાણકારી યોજનાઓની વિગતો/માહિતીઓ જાણકારી આપવા તથા રાજ્યની મહિલાઓમાં સામાજીક જાગૃતિ લાવવાનાં ઉદ્દેશ માટે ચાલુ વર્ષે **૨૦૨૦-૨૧**માટે રૂ.**૬૦/-** લાખની બજેટ જોગવાઈ કરવાનું આયોજન કરેલ છે.

**(૭) પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવતી મહિલાઓ**:-

સમાજની અત્યંત ઉપેક્ષીત અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવતી કે તેનો ભોગ બનેલી મહિલાઓના આર્થિક પુનઃ સ્થાપન માટે ખાસ વ્યવસાયલક્ષી તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુદા જુદા પ્રકારના વ્યવસાયોની તાલીમ આપવામાં આવે છે, સાથે જ લાભાર્થી મહિલાને તાલીમની સાથે માસિક રૂ. **૧૦૦૦/-** સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. જે માટે વર્ષ **૨૦૨૧-૨૨** માં રૂા.**૬૨.૦૦** લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, આ ઉપરાંત નિગમ દ્વારા મહિલા સ્વરોજગાર મેળા, લોન મેળા તેમજ સ્વસહાય જુથ સભા મંડળોને પુરસ્કાર આપવા જેવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

આમ, નિગમ સને **૨૦૨૧-૨૨** માટે મહિલા કલ્યાણકારી કાર્યક્રમો માટે કુલ **રૂા.૯૩૨.૦૦** લાખની બજેટ જોગવાઈ માટે દરખાસ્ત કરેલ છે.

# કામગીરી અંદાજપત્ર :
# વર્ષ ૨૦૨૧-૨૨

**જેન્ડર રિસોર્સ સેન્ટર (જી.આર.સી.)**
**ગાંધીનગર**

# જેન્ડર રિસોર્સ સેન્ટર (જી.આર.સી.)
# કામગીરી અંદાજપત્ર ૨૦૨૧-૨૨ માટેની માહિતી

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વર્ષ **૨૦૦૪**માં જેન્ડર રિસોર્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવી. જીઆરસીનો મુખ્ય હેતુ રાજ્યની તમામ મહિલા વિકાસલક્ષી પ્રક્રિયાઓમાં જાતિગત સમાનતા તેમજ સમન્યાયતાનો સમાવેશ થાય તે માટે તકનીકી સહયોગ પૂરો પાડવાનો છે. જીઆરસી સરકારી તેમજ સ્વયંસેવી સંસ્થાનોને જાતિગત રીતે સંવેદનશીલ કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓ અને યોજનાઓના ઘડતર આયોજન, અમલીકરણ અને મૂલ્યાકનમાં મદદ કરે છે.

**કાર્યો** :-

- વિવિધ હિતધારકોમાં જાતિગત સંવેદનશીલતા ઊભી કરવી.
- જાતિગત વિષયોને મુખ્યપ્રવાહમાં લાવવા માટે તકનીકી સહયોગ આપવો.
- જાતિગત બાબતે ક્ષમતાવર્ધન, સંશોધન અને હિમાયત.
- વિવિધ હિતધારકો તેમજ બદલાવ લાવનારાઓના પ્રયત્નોને સંકલિત કરવા.
- વિકાસના જુદા-જુદા ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી અને તેઓની સ્થિતિ દર્શાવતા આંકડાઓ સાથેની ડેટા બેંક તૈયાર કરવી.

**વર્ષ ૨૦૨૧-૨૨માં રू.૧૧૬.૦૦ લાખની જોગવાઈ કરેલ છે**

**વર્ષ ૨૦૨૧-૨૨માં રू.૬૦.૦૦ લાખની નવી બાબતની  જોગવાઈ કરેલ છે**

# કામગીરી અંદાજપત્ર :
# વર્ષ ૨૦૨૧-૨૨

## ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ,
## અમદાવાદ

# <u>ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ, અમદાવાદ</u>

ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડની રચના તા.**૧-૫-૧૯૬૦** થી કરવામાં આવી હતી. કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ, નવી દિલ્હીની **૧૦૦** ટકા ગ્રાન્ટથી કેન્દ્રીય બોર્ડના કાર્યક્રમો આ બોર્ડની દેખરેખ હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. આ બોર્ડના મહેકમ અને કચેરી ખર્ચ પેટે કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ, નવી દિલ્હી તથા રાજય સરકારશ્રી દરેક **૫૦** ટકાના ધોરણે ખર્ચ ભોગવે છે તેમજ રાજય બોર્ડ હસ્તક કુટુંબ બાળ કલ્યાણ ઘટકો અને સરહદ વિસ્તાર ઘટકોનું સંચાલન રાજય બોર્ડ દ્વારા અગાઉ કરવામાં આવતુ હતું. જે ઘટકો બંધ કરીને રાજય સરકારશ્રીએ કર્મચારીઓને સંકલિત બાળ વિકાસ યોજના (આઇ.સી.ડી.એસ.) તથા તાલુકા/જીલ્લા પંચાયતમાં લાંબા ગાળાની પ્રતિનિયુક્તિના ધોરણે મુકવામાં આવેલ છે. જે પૈકી રાજય સરકારશ્રીના આયોજન બહારના સદરે - **(૧) ૧** એસ.સી.ડબલ્યુ. સદરે **૧.** રાજયબોર્ડ કચેરી ખર્ચ **(૫૦** ટકા) તથા

**(૨) ૧** બાળ ગુનેગાર શાખા સદરે **– ૧** - કુટુંબ કલ્યાણ ઘટકો **(૧૦૦** ટકા) લેખે રાજય સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે.

જેમાં પગાર અને ભથ્થા, નિવૃત્તિ લાભો તથા કચેરી ખર્ચ માટે નીચે દર્શાવ્યા પ્રમાણે જોગવાઇ કરવામાં આવેલ છે.

સદર - **૧** એસ. સી. ડબલ્યુ-**૧** (રાજય બોર્ડ કાર્યાલય)

| અ.નં. | જગ્યાનું નામ | | સંખ્યા | મંજુર પગાર ધોરણ | |
|---|---|---|---|---|---|
| | | | | ગ્રેડ પે | પે બેન્ડ |
| **૧** | **૨** | ૩ | ૪ | ૫ | ૬ |
| **૧** | સચિવશ્રી | વર્ગ-**૧** | **૦૧** | **૫૪૦૦** | **૧૫૬૦૦-૩૯૧૦૦** |
| **૨** | હિસાબનીશ | વર્ગ-૩ | **૦૧** | **૪૪૦૦** | **૯૩૦૦-૩૪૮૦૦** |
| **૩** | હેડ આસીસ્ટન્ટ | વર્ગ-૩ | **૦૧** | **૪૪૦૦** | **૯૩૦૦-૩૪૮૦૦** |
| **૪** | સીનીયર કલાર્ક | વર્ગ-૩ | **૧૦** | **૨૪૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૫** | એલ.ડી.સી./ટાઇપીસ્ટ | વર્ગ-૩ | **૦૪** | **૧૯૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૬** | ડ્રાઇવર | વર્ગ-૩ | **૦૩** | **૧૯૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૭** | દફતરી | વર્ગ-૪ | **૦૧** | **૧૪૦૦** | **૪૪૪૦-૭૪૪૦** |
| **૮** | પટાવાળા | વર્ગ-૪ | **૦૩** | **૧૩૦૦** | **૪૪૪૦-૭૪૪૦** |

**૨૪** જગ્યાઓ રાજય બોર્ડ વહીવટી ખર્ચની છે, જેમાં **૦૭** જગ્યાઓ ભરેલી છે, જેનું બજેટ કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ, નવી દિલ્હી મંજુર કરે છે. રાજય સરકાર તેના હિસ્સાના **૫૦** ટકા ગ્રાન્ટ ફાળવે છે

<u>સરહદ વિસ્તાર ઘટકો</u> :

| અ.નં. | જગ્યાનું નામ | | સંખ્યા | મંજુર પગાર ધોરણ | |
|---|---|---|---|---|---|
| | | | | ગ્રેડ પે | પે બેન્ડ |
| **૧** | **૨** | ૩ | ૪ | ૫ | ૬ |
| **૧** | મુખ્યસેવિકા | વર્ગ-૩ | **૦૭** | **૨૮૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૨** | હિસાબી કલાર્ક | વર્ગ-૩ | **૦૭** | **૧૯૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૩** | બાલસેવિકા | વર્ગ-૩ | **૫૬** | **૨૪૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૪** | ઉદ્યોગશિક્ષિકા | વર્ગ-૩ | **૫૬** | **૨૪૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૫** | ડ્રાઇવર | વર્ગ-૩ | **૦૭** | **૧૯૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૬** | પટાવાળા | વર્ગ-૪ | **૦૭** | **૧૩૦૦** | **૪૪૪૦-૭૪૪૦** |

રાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : સકબ/**૧૦૨૦૦૨/૧૩૮૯**/અ તા.**૮/૧૦/૨૦૦૩** દ્વારા આ આઠ (**૮**) સરહદ વિસ્તાર ઘટકો બંધ કરવામાં આવેલ છે અને ત્યાં ફરજ બજાવતાં કર્મચારીઓને તા.**૧/૧૧/૨૦૦૩** થી સંકલિત બાળ વિકાસ યોજના ( આઇ.સી.ડી.એસ.) તથા તાલુકા/જીલ્લા પંચાયતમાં પ્રતિનિયુક્તિ પર નિમણૂંક આપવામાં આવી છે.

**૧** બાળ ગુનેગાર શાખા સદર

<u>કુટુંબ બાળ કલ્યાણ ઘટકોનું મહેકમ</u>

| અ.નં. | જગ્યાનું નામ | | સંખ્યા | મંજુર પગાર ધોરણ | |
|---|---|---|---|---|---|
| | | | | ગ્રેડ પે | પે બેન્ડ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| **૧** | કાર્યાલય અધિક્ષક | વર્ગ-૩ | **૨૧** | **૪૨૦૦** | **૯૩૦૦-૩૪૮૦૦** |
| **૨** | મુખ્યસેવિકા | વર્ગ-૩ | **૨૧** | **૨૮૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૩** | બાલસેવિકા | વર્ગ-૩ | **૧૪૭** | **૨૪૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૪** | ડ્રાઇવર | વર્ગ-૩ | **૨૧** | **૧૯૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** |
| **૫** | પટાવાળા | વર્ગ-૪ | **૨૧** | **૧૩૦૦** | **૪૪૪૦-૭૪૪૦** |

રાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : સકબ/**૧૦૨૦૦/૩૭૬**/અ તા.**૨૦/૫/૨૦૦૫** દ્વારા કુટુંબ અને બાળ કલ્યાણ ઘટકોના કર્મચારીઓને સંકલિત બાળ વિકાસ યોજના (આઇ.સી.ડી.એસ.) તથા તાલુકા/જીલ્લા પંચાયતમાં લાંબા ગાળાની પ્રતિનિયુક્તિ પર નિમણૂંક આપવામાં આવી છે.

**ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ, અમદાવાદ**

ભાગ - ૩

૫ ત્ર ક – ક

કાર્યક્રમ અને પ્રવૃત્તિનું વર્ગીકરણ - નાણાંકીય જરૂરીયાત

( રૂપિયા લાખમાં )

| ક્રમ | વિગત | **૨૦૧૯-૨૦**ના વર્ષનો ખરેખર ખર્ચ | | | **૨૦૨૦-૨૧**ના વર્ષનો અંદાજ | | | **૨૦૨૦-૨૧** ના વર્ષનો સુધારેલ અંદાજ | | | **૨૦૨૧-૨૨** ના વર્ષનો અંદાજ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આયોજન | આયોજન બહાર | સરવાળો | આયોજન | આયોજન બહાર | સરવાળો | આયોજન | આયોજન બહાર | સરવાળો | આયોજન | આયોજન બહાર | સરવાળો |
| **૧** | **૨** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** | **૧૧** | **૧૨** | **૧૩** | **૧૪** | **૧૫** | **૧૬** | **૧૭** |
| **૧** | **૧** એસ.સી.ડબલ્યુ. | **૦** | **૨૭.૯૯** | **૨૭.૯૯** | **૦** | **૪૯.૧૯** | **૪૯.૧૯** | **૦** | **૪૯.૧૯** | **૪૯.૧૯** | **૦** | **૫૬.૪૯** | **૫૬.૪૯** |
| **૨** | **૧** બાળ ગુનેગાર શાખા | **૦** | **૪.૬૦** | **૩.૦૬** | **૦** | **૧૬.૧૫** | **૧૬.૧૫** | **૦** | **૧૬.૧૫** | **૧૬.૧૫** | **૦** | **૨.૬૮** | **૨.૬૮** |
| **૩** | **૨૦૪૯**-વ્યાજની ચુકવણી | **૦** | **૮૫.૦૦** | **૧૦૦.૦૦** | **૦** | **૮૫.૦૦** | **૮૫.૦૦** | **૦** | **૮૫.૦૦** | **૮૫.૦૦** | **૦** | **૯૦.૦૦** | **૯૦.૦૦** |
| | કુલ રકમ રૂ. | **૦** | **૧૧૭.૫૯** | **૧૧૭.૫૯** | **૦** | **૧૫૦.૩૪** | **૧૫૦.૩૪** | **૦** | **૧૫૦.૩૪** | **૧૫૦.૩૪** | **૦** | **૧૪૯.૧૭** | **૧૪૯.૧૭** |